પુષ્ટિ અસ્મિતા જાગૃતિ અભિયાન

અધરામૃતની મહાપ્રસાદી પાતલ



સંકલન-૧

પ્રેષક:

શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ
C/o. ચિરાગ લેબોરેટરી, શુભ-લક્ષ્મી શોપીંગ સેન્ટર
સ્ટેશન રોડ, આણંદ ૩૮૮ ૦૦૧

શ્રીહરિરાયજી વિરચિત

ષટ્ષષ્ઠિરપરાધાસ્તત્ફલાનિ પ્રાયશ્ચિત ગ્રંથ

૧૧મો અપરાધઃ

અવૈષ્ણવ સમક્ષ પોતાને ઘરે બિરાજતા શ્રીઠાકોરજીનું પ્રદર્શન કરવું.

ફલ : એક વર્ષની સેવા નિષ્ફલ થઈ જાય છે.

પ્રાયશ્ચિત : શ્રીઠાકોરજીને પંચામૃતથી સ્નાન કરાવવું.

૩૫મો અપરાધઃ

ગુરુ-શ્રીમહાપ્રભુ-ની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું.

ફલ : અસિપત્ર વગેરે નામોવાળા ઘોર નરકોમાં પાત.

પ્રાયશ્ચિત : વૈષ્ણવ અને ગુરુને પ્રસન્ન કરવા.

૩૬મો અપરાધઃ

શ્રીઠાકોરજી (શ્રીભાગવત કે શ્રીયમુનાજીની લોટીજી) ના નામે (‘ભેટ’, ‘સામગ્રી’, ‘પોથીસેવા’ કે ‘ન્યોછાવર’) માંગવું.

ફલ : સેવા સર્વથા નિષ્ફલ બની જાય છે.

પ્રાયશ્ચિત : જેટલું માંગ્યું કે ભેગું કર્યું હોય તેનાથી પાંચગણું નૈવેદ્ય પ્રભુને દાન (નહિં કે સમર્પણ!) રૂપે આપવું.

૩૮મો અપરાધઃ

ગુરુ કે દૈવત (શ્રી ઠાકુરજીની વાતો) ના ગુપ્ત-રહસ્યને પ્રકટ કરવું.

ફલ : ત્રણ જન્મો સુધી શ્વાનયોનિ (કૂતરાની યોનિ).

શ્રીના અસીમ કૃપાપાત્ર વૈષ્ણવજન,

આ સાથે શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ-આણંદ, આપણાં સૌ માં શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ દ્વારા જે બીજભાવ મૂક્યો છે, તેને પોષણ મળે તે માટે, અધરામૃતની મહાપ્રસાદી પાતળ ‘સંકલન-૧’ દ્વારા પરોસે છે.

હેતુ છે, આપણામાં સાંપ્રદાયિક શબ્દોની સાચી સમજણ જાગૃત થાય, અસ્મિતા જાગૃત થાય, અજ્ઞાનતા દૂર થાય અને તેને પોષણ મળે. જેથી કરીને આપણા બધાની નિષ્ઠા આપણાં જ ઘરમાં, આપણા માથે બિરાજેલ ઠાકોરજીમાં દ્રઢ થાય, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરુષાર્થ સાથે ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ નભે તે જ છે.

તમારા તરફથી **‘આન ઔર’ ‘આન ઔર’** વાળો ભાવ હશે તો બીજી પાતળ પરોસવામાં પરોસનારને વધારે આનંદ આવશે. ધીમે ધીમે સમજીને વાગોળવાથી, વધુને વધુ સાંપ્રદાયિક રસ ઉત્પન્ન કરનારું, પુષ્ટિઅસ્મિતા વર્ધક સાહિત્ય રજૂ કરવાનો મનોરથ છે.

આપણી સાંપ્રદાયિક સત્ય જાણવાની રૂચિ વધે, અજ્ઞાનતા દૂર થાય, અને ભગવદાસક્તિ તરફ જઈએ તેવું સંકલન કરવાની ઈચ્છા છે.

– શેષ ભગવદ્ ઈચ્છા

* * *

નોંધ: આશા છે કે અમારો આ મનોરથ આપનામાં સંપ્રદાય અંતર્ગત ‘પુષ્ટિઅસ્મિતા વર્ધક લાગ્યો હશે. શું તમારો પ્રતિભાવ, અભિપ્રાય એક પોસ્ટકાર્ડ લખીને અમને મોકલી શકશો?



મહાપ્રસાદની કણિકા

નેશનલ હાઈવે નંબર - ૮ . . . . ૧
પુષ્ટિભક્તિ સંપ્રદાય ૩
પુષ્ટિ/પુષ્ટિમાર્ગ/પુષ્ટિભક્તિ/પુષ્ટિભક્તિમાર્ગ/પુષ્ટિભક્તિ સંપ્રદાય ૬
વાર્તા એક મણીની ૧૩
પુષ્ટિ અસ્મિતા અને તેનું સંવર્ધન ૧૭
ભગવદીય-પરમભગવદીય-તાદશી વૈષ્ણવ ૨૧
સત્સંગ સાર - ૮૪-૨૫૨નો ૨૬
સત્સંગ – પદ્મનાભદાસજીનો ૨૮
સત્સંગ - કિશોરીબાઈનો ૩૩
સત્સંગ – રજો ક્ષત્રાણીનો ૪૦
સત્સંગ – ભાગવતકથાનો ૪૪

* * *

આ સંકલન - ૧ માં નીચે
જણાવેલ ગ્રંથો તથા વચનામૃતોની સહાયતા લીધી છે.

સંપ્રદાયના સાહિત્યમાંથી શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી, શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી વિગેરેના ગ્રંથો, સિધ્ધાંતવચનાવલી અને અમૃતવચનાવલી (સંયુકત પ્રકાશન-મુંબઈ-હાલોલ-માંડવી,) પૂ.પા. ગો. શ્રીશ્યામમનોહરજીના, પૂ.પા. ગો. શરદબાવાના (માંડવી, હાલોલ) વચનામૃતોનું સંકલન છે.

નોંધઃ અમારા જીવ સ્વભાવથી જે કાંઈ દોષ સંકલનમાં રહી ગયો હોય તો અમારું ધ્યાન દોરવા વિનંતી...



ચિત્ર - ૧

આપણાં દેશમાં જુદા જુદા રાજ્યોના સિમાડા પરથી કે, રાજ્યોમાંથી પસાર થઈને એકબીજા રાજ્યોને જોડતાં ધોરી રસ્તાને હાઈવે કહેવામાં આવે છે અને આવા ધોરી રસ્તાઓને અંગ્રેજીમાં 'નેશનલ હાઈવે' કહેવામાં આવે છે. આવા નેશનલ હાઈવેને નંબર આપીને તેની ઓળખ આપવામાં આવે છે જેમકે, નેશનલ હાઈવે નંબર ૮ જે મહારાષ્ટ્ર રાજ્યનાં **મુંબઈ**થી શરૂ થઈ ગુજરાત રાજ્યનાં શહેરોને જોડી આગ્રા સુધી જાય છે, અને ત્યાંથી **દિલ્હી**ને જોડી આપે છે.

આ નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આપણે અમદાવાદથી દિલ્હી **ચાલતાં ચાલતાં** જવાનું વિચાર્યું હોય અને જો સાચી દિશાનું જ્ઞાન ન હોય, અને આ રસ્તા પર આવતા શહેરો, ગામડા વિગેરેની જાણકારી ન હોય તો, ફક્ત **'નેશનલ હાઈવે નંબર ૮'**નું જ બોર્ડ વાંચતા વાંચતા વિરુદ્ધ દિશામાં ચાલ્યા કરીએ, (કોઈ જાણકારને પૂછીયે નહીં) તો સંભવ છે કે, કેટલાય દિવસોની ચાલવાની મહેનત પછી, દિલ્હી ન પહોંચતા મુંબઈ પહોંચી જઈએ.

પણ જો રસ્તાની સાચી જાણકારી અને તેના ઉપર આવતા જુદા જુદા ગામો, સ્થળો-હોટલો-શહેરો વિગેરેની માહિતી સાથે રાખી હોય તો ચકાસણી થઈ શકે અને સાચી દિશામાં જઈ રહ્યા છીએ કે નહીં તે નક્કી થઈ શકે, આખો રસ્તો જ **'નેશનલ હાઈવે નંબર ૮'** હોવાથી, બન્ને દિશામાં જઈ રહ્યો છે, તેવું જ માર્ગદર્શન આપશે. (જુઓ ચિત્ર-૧)

આમ, જો (૧) ચાલવાની સાચી દિશા (૨) સ્થળો વિશેની સાચી જાણકારી (૩) ચાલવાની ક્રિયા આ ત્રણ બાબતો બરાબર હોય તો નિર્ધારીત સ્થળે ચોક્કસ પહોંચી શકાય.

તેવી જ રીતે ભગવાનને-પૂર્ણ પુરૂષોત્તમને-પરબ્રહ્મને મેળવવાનાં ઘણાં બધાં રસ્તાઓ, વેદ-પૂરાણો બતાવે છે. (જેમ દિલ્હી જવા માટેના જુદા જુદા રસ્તાઓ છે તેમ.) ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ પુરુષાર્થોને આચરણમાં મૂકી વેદ-પુરાણોએ બતાવેલા, ભક્તિના બધા માર્ગો જુદી જુદી રીતે **'એ જ મુખ્ય'** જગ્યાએ ભક્તને પહોંચાડે છે. એમ શ્રીમહાપ્રભુજી પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં પુષ્ટિભક્તિમાર્ગ ઉપર ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ પુરુષાર્થોને આચરણમાં મૂકી કેવી રીતે ભગવદાસક્તિ તરફ ક્રમશઃ જઈ શકાય તે હવે જોઈશું.

વિનંતી

અમારો મનોરથ આવી અનેક મહાપ્રસાદિ પાતલ તૈયાર કરવાનો છે.

આપને એવું લાગતું હોય કે તમારા ગામમાં, તમારા શહેરમાં, તમારા જ્ઞાતિબંધુ વૈષ્ણવોમાં પુષ્ટિઅસ્મિતા જાગૃત કરવા, આ પ્રસાદી અધરામૃતની કણિકા વહેંચીએ, તો તમે પણ મનોરથી થઈ શકો છો.

આ પુસ્તિકા (પચ્ચીસ ના ગુણાકારમાં) મંગાવી શકો છો (જેની પડતર કિંમત પ્રતિ નંગ રૂા. ૬-૦૦ થી ૧૦-૦૦ વધુમાં વધુ પાર્સલ ખર્ચ સાથે હશે)

જે નિઃશુલ્ક વહેંચવા માટે હશે.

સંપર્ક કરો

(૧) શ્રીવલ્લભ વિઠ્ઠલ સિદ્ધાંત જીજ્ઞાસુ મંડળ.
ટેલી. (૦૨૬૯૨) ૨૫૪૦૪૬
(૨) ગિરીશભાઈ શાહ, આણંદ.
મો. ૯૮૨૫૮ ૯૮૭૨૦



ચિત્ર - ૨

ભક્તે ધ્યાનમાં એ રાખવાનું છે કે જે માર્ગ પર તેને ચાલવું હોય તે માર્ગની સાચી સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ અને તેણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ **પુરુષાર્થોનું સાચું આચરણ જાગૃત પુષ્ટિઅસ્મિતાથી** કરવું જોઈએ. નહીંતો તે ભક્ત ભક્તિ કરતાં કરતાં સંસારમાં જ ફસાઈ જશે અને ભગવદાસક્ત ન થતા સંસારાસક્ત થઈ જશે.

માર્ગ હોય તો તેના કંઈક નિયમો પણ હોય છે. જેમ, ભારતનાં કોઈપણ માર્ગ ઉપર જો ગાડી ચલાવવી હોય તો તે વાહન વ્યવહારના નિયમો (R.T.O. ના નિયમો) પ્રમાણે **ડાબી બાજુએ જ ગાડી ચલાવવી પડે.** જ્યારે અમેરીકામાં **જમણી બાજુ પર ગાડી ચલાવવાની હોય છે.**

જો ભારતનાં **વડાપ્રધાન** અમેરિકા જાય તો તેમણે તેમની ગાડી જમણી બાજુ જ રાખવી પડે કેમકે ત્યાંનો નિયમ જમણી બાજુના જ વાહન-વ્યવહારનો છે. અને અમેરીકાના **વડાપ્રધાન** ભારત આવે તો તેમણે ગાડી ડાબી બાજુએ જ રાખવી પડે. એટલે કે, જે તે દેશના વાહન વ્યવહારના નિયમો બીજા દેશના **વડાપ્રધાનથી પણ** તોડી શકાતાં નથી.

તેવી જ રીતે, જો આપણે પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં અષ્ટાક્ષર કે બ્રહ્મસંબંધની દિક્ષા લઈ, પુષ્ટિભક્તિ માર્ગ ઉપર ચાલવા માંગતા હોઈએ તો નિયમો અર્થાત્ સિધ્ધાંતો શ્રીમહાપ્રભુજીનાં જ ચાલે 'અન્ય' કોઈના પણ નહીં. અને સ્વકલ્પિત નિયમો બિલકુલ જ નહીં.

આ પુષ્ટિભક્તિ માર્ગ ઉપર આગળ વધવા માટે જે કાંઈ નિયમો છે તે શ્રીમહાપ્રભુજીએ પોતાના રચેલ ગ્રંથોમાં સમજાવેલા છે. ૮૪-૨૫૨

વૈષ્ણવોએ **તેમના જીવનમાં ઉતારી આપણને બતાવ્યા છે.** જેમ, માર્ગ ઉપર નિર્દેશિત પાટિયાંઓ હોય છે જે માર્ગની સમજણ પૂરી પાડે છે, તેમ અહીં સંપ્રદાયમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોના જીવન ચરિત્ર તથા શ્રીમહાપ્રભુજી રચિત ગ્રંથો અને તે ઉપરની ટીકાઓ આપણને સાચા માર્ગની, અને સાચી દિશાની સમજ પૂરી પાડે છે.

શ્રીમહાપ્રભુજીના ગ્રંથો, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓ વિગેરે સમજીને આચરણમાં ઉતારવાથી તે જીવ ભગવદાસક્તિ તરફજ વધે છે. વિરુદ્ધ આચરણમાં ઉતારવાથી તે સંસારાસક્ત થઈ જશે અને છેલ્લે હવે શું કરવું? તેવા વિચારથી ચિંતાગ્રસ્ત થઈ જશે. જેમ ચાલતા ચાલતા કેટલાય દિવસોની મહેનત પછી દિલ્હી ન પહોંચતા, વિરુદ્ધ દિશામાં મુંબઈ પહોંચી જવાય અને છેલ્લે ઈચ્છા થઈ આવે કે ચાલવાની મહેનત માથે પડી તો શું **હવે મુંબઈના દરિયામાં કૂદી પડવું?**

શ્રીમહાપ્રભુજી **'કૃષ્ણાસ્ય'** (અર્થાત્ પ્રભુના મુખારવિંદ સ્વરૂપ) હોવાને લીધે બધા જ વેદ-પૂરાણ-ઉપનિષદો, ભગવદ્ ગીતા, શ્રીમદ્ ભાગવત બધાનાં જ્ઞાતા છે. આપશ્રીએ શ્રીપૂર્ણપુરૂષોત્તમને કેવી રીતે પામી શકાય? તે માટેનો સરળ ભાગવત માર્ગ શ્રીમદ્ ભાગવત પર આધારિત બતાવ્યો. અને તેના સિધ્ધાંતો, જે દ્વારા માર્ગમાં પુષ્ટિસ્થ જીવો ચાલી શકે તેને **'પુષ્ટિભક્તિ સંપ્રદાય'** તરીકે પ્રગટ કર્યો. આ વિશેની જાણકારી આપશ્રીએ પોતાના ગ્રંથો અને વચનામૃતોમાં વણી લીધી. અને ૮૪-૨૫૨ દ્વારા આપણને જણાવ્યું કે આ માર્ગ ઉપર ચાલવું કેટલું સરળ છે.

वेदाः श्रीकृष्णव्याक्याणि व्याससूत्राणिचैवहि।
समाधिभाषा व्यासस्य प्रमाणं तत् चतुष्टयम्।।

શ્રીમહાપ્રભુજી પોતે એમ· સ્પષ્ટ કહી રહ્યા છે કે ચારેય પ્રમાણ, (૧) વેદ, (૨) શ્રીકૃષ્ણના વાક્ય (ભગવદ્ ગીતા), (૩) વ્યાસસૂત્રો, અને (૪) વ્યાસજીની સમાધિ ભાષા (શ્રીમદ્ ભાગવત્) ની **એક વાક્યતા** કરીને જ **પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં** હું જણાવી રહ્યો છું જે પ્રમાણ છે. આમ, આપશ્રીના વચનામૃતો અને ગ્રંથો **શાસ્ત્રોક્ત પ્રમાણ** બને છે.

શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુંસાઈજીના વચનો એ પૂર્ણપુરુષોત્તમનાં જ વચનો છે માટે તે વૈષ્ણવોએ આચરણમાં મૂકવા જોઈએ અને જો નથી મૂકતાં તો બહિર્મુખતા આવે છે.

હવે, જો આપણે પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં દિક્ષા લઈ, પુષ્ટિભક્તિ માર્ગ ઉપર ચાલવા માંગતા હોઈએ તો નિયમો અર્થાત્ સિધ્ધાંતો શ્રીમહાપ્રભુજીનાં જ ચાલે 'અન્ય' કોઈના પણ નહીં. અને **સ્વકલ્પિત** નિયમો બીલકુલ જ નહીં. આ પુષ્ટિભક્તિ માર્ગ ઉપર આગળ વધવા માટે જે કાંઈ નિયમો છે તે શ્રીમહાપ્રભુજીએ પોતાના રચેલ ગ્રંથોમાં સમજાવેલા છે. અને ૮૪-૨૫૨ **વૈષ્ણવોએ તેમના જીવનમાં ઉતારી આપણને બતાવ્યા છે.**

જેમ, રસ્તા ઉપર રસ્તો બતાવવા રસ્તો સમજાવવા પાટિયાંઓ હોય છે, તેમ અહીં સંપ્રદાયમાં ૮૪-૨૫૨ વૈષ્ણવોના જીવન ચરિત્રો, શ્રીમહાપ્રભુજીના ગ્રંથો અને તે ઉપરની ટીકાઓ આપણને સાચા માર્ગની, સાચી દિશાની સમજ પૂરી પાડે છે.

હવે, ઘણીવખત એવું જોવામાં આવે છે કે ભક્તિ કરી રહેલા બ્રહ્મસંબંધી જીવો, ભક્તિ કરતાં કરતાં **ભગવદાસક્ત** થવાને બદલે **સંસારાસક્ત થઈ જાય છે.** કારણકે, માર્ગ એ જ છે પણ ભક્તિની દિશા વિરુદ્ધ હોવાથી આમ બને છે.

જેમ નેશનલ હાઈવે નંબર ૮ એકબાજુ દિલ્હી જાય છે અને બીજીબાજુ મુંબઈ જાય છે. જો કોઈને અમદાવાદથી ચાલીને દિલ્હી જવું હોય પણ જો વિરુધ્ધ દિશામાં ચાલવાનું રાખે, માર્ગની સાચી જાણકારી ન હોય અને કોઈને પૂછે નહિં તો મુંબઈ પહોંચી જશે. કેમકે, દિશા વિરુધ્ધ છે. એજ પ્રમાણે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સાથે વિરુદ્ધ આચરણ દ્વારા ભક્તિ કરવાથી બ્રહ્મસંબંધી જીવો ભક્તિ કરતાં કરતાં **ભગવદ્દાશક્ત** થવાને બદલે **સંસારાશક્ત** થઈ જાય છે. (જુઓ ચિત્ર ૧ અને ચિત્ર ૨). પા-પા પગલી ભરતાં ભરતાં ભગવદાસક્તિ તરફ આપણે પ્રયાણ કરીએ તે માટે સાંપ્રદાયિક શબ્દોની સાચી સમજણ હોવી જરૂરી છે.

પુષ્ટિ/પુષ્ટિમાર્ગ/પુષ્ટિભક્તિ
પુષ્ટિભક્તિમાર્ગ/પુષ્ટિભક્તિ સંપ્રદાય

હજારો વરસોથી માણસે સૂર્યને પૂર્વમાં ઉગતો અને પશ્ચિમમાં આથમતો જોયો હતો. તેથી તેમણે પોતાની વિચારશક્તિ મુજબ, બુદ્ધિ મુજબ જુદા જુદા અનુમાન કરીને સૂર્યની ભ્રમણ ક્રિયા-સૂર્યનો ચંદ્ર સાથેનો સંબંધ-સૂર્યનો ગ્રહો સાથેનો સંબંધ વગેરે જાણ્યું હતું. તેઓ એમ જ માનતા હતા કે સૂર્યના કિરણો સફેદ રંગના છે. અરીસા જેવા ચળકતા પદાર્થ ઉપર પડે ત્યારે પરાવર્તન પામે છે.... વગેરે.

સૂર્યના આ બધા ગુણધર્મોનું માણસે પોતાની સામાન્ય બુદ્ધિ અને વિચારશક્તિ મુજબ અનુમાન કર્યું હતું. ન્યૂટન નામના વૈજ્ઞાનિકે સાબિત કર્યું કે આ સૂર્યના કિરણોને જો ત્રિપાર્શ્વ કાચ (Prism) માંથી પસાર કરવામાં આવે તો આ સફેદ રંગના કિરણોનું સાત રંગોમાં (જાંબલી, વાદળી, ભૂરો, લીલો, પીળો, નારંગી, લાલ) વિઘટન (વર્ગીકરણ) થઈ જાય છે, અને જો આ સાત રંગોને ભેગા કરવામાં આવે તો પાછો સફેદ રંગ થાય છે. વર્ષાઋતુમાં દેખાતું મેઘધનુષ આ જ પ્રક્રિયાનું પરિણામ છે. **આ થઈ અજ્ઞાન અને જ્ઞાનની સમજણ.**

આમ પેઢી દર પેઢીથી આપણે રૂઢિચુસ્તતાના આગ્રહને કારણે બ્રહ્મસંબંધ લઈએ છીએ પણ અજ્ઞાનને કારણે, **પુષ્ટિ/પુષ્ટિમાર્ગ/પુષ્ટિભક્તિ/પુષ્ટિભક્તિમાર્ગ/પુષ્ટિભક્તિ સંપ્રદાય/પુષ્ટિ અસ્મિતા** વિગેરે શબ્દોથી સાચા અર્થમાં અપરિચિત હોવાને લીધે અસમંજસમાં મૂકાઈએ છીએ. ઘણીવાર બીજાના કહેવાને લીધે અથવા વંશ-પરંપરાથી ચાલી આવતી પ્રણાલિ કે વાતોને સાચી માની લેતા હોઈએ છીએ. માટે આ શબ્દોને સમજવાની અને વિચારવાની અહીં કોશિષ કરીએ.

(૧) પુષ્ટિ એટલે શું?

પુષ્ટિ એટલે કૃપા. જ્યારે ભગવાન (અંશી) પોતાના જીવ (અંશ) પર પોતાની ઈચ્છાથી તે જીવના શ્રેય (હિત) માટે જે કાંઈ પણ વિચારે તે કૃપા કહેવાય.

જોકે, જીવને પોતાની સ્વાર્થવાળી દ્રષ્ટિથી, સાચું-ખોટું દેખાતું હોય છે. પણ હકિકતમાં ભગવદ્ દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો તે કૃપા જ હોય છે. કેમકે, **ભગવાન 'પોતાના ભકતનું' કદાપિ અહિત ઈચ્છતા નથી તેવું શાસ્ત્રમાં જણાવ્યું છે.**

ઉદાહરણ રૂપે નારદજીને સ્વયંવરમાં- જવાની ઈચ્છા થઈ તેમણે વિચાર્યું કે જો મને ભગવાન તેમના જેવું સુંદર મુખ આપે તો હું બધાની વચ્ચે ઉત્તમ અને સુંદર દેખાઉ અને મને જ વરમાળા પહેરવા મળે. આ વિચારથી ભગવાન પાસે જઈને તેમણે માગ્યું કે મને 'હરિ' જેવું મુખ આપો. ભગવાને તથાસ્તુ કહ્યું. ભગવાને તેમની માંગણી મુજબ 'હરિ' અર્થાત્ 'વાંદરો' તથાસ્તુ કહી વાંદરા જેવું મોઢું કરી દીધું. આથી તેઓ સ્વયંવરમાં ઉપેક્ષાને પાત્ર બન્યા. પછી નારદજીને ખ્યાલ આવ્યો કે આ બધો ગોટાળો ભગવાને કર્યો છે તેથી નારદજી તેની ફરિયાદ ભગવાન પાસે કરવા ગયા ભગવાને તેમને સમજાવ્યા કે, 'હે નારદજી તમે મારા ભક્ત છો, અને તમે જો લગ્ન કરો અને સંસારમાં પડો તો તમારું અહિત થવાનું હતું માટે મેં આમ કર્યું'. (કેમકે, હું કદાપિ મારા ભક્તનું અહિત થવા દેતો નથી.) નારદજીને વિચાર કરતાં પોતાની ભૂલ સમજાઈ અને ભગવાન માટે વધુ આદરભાવ થયો અને સમજાયું કે ભગવાન પોતાના ભક્તનું અહિત કદાપિ થવા દેતાં નથી.

શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં આજ વાકય છે '*निजेच्छात करिष्यति*' અર્થાત્ ભગવાન પોતાની ઈચ્છા મુજબ 'એજ' કરે છે, જે **ભકતના હિતમાં હોય અને ભક્ત માટે કલ્યાણકારી હોય. ભગવાનની આ ક્રિયા એટલે જ પુષ્ટિ અર્થાત્ કૃપા.** આ વાત થઈ પુષ્ટિની અથવા કૃપાની.

(૨) પુષ્ટિમાર્ગ એટલે શું?

માર્ગ એટલે રસ્તો. જે રસ્તા ઉપર જીવ ચાલતો હોય અથવા જે ક્રિયા કરતો હોય એને ભગવાન પોતે સ્વયં, 'તેની ક્રિયાને ભકિત' તરીકે સ્વીકારે, અને ભગવાન સ્વયં પોતાની ઈચ્છાથી પધારી જીવ ઉપર કૃપા

કરી, મોક્ષ આપી દે ત્યારે એ ક્રિયા અથવા માર્ગ પુષ્ટિમાર્ગ બને છે. આમ, **પુષ્ટિમાર્ગ સ્વયં ભગવાનનો પોતાનો માર્ગ છે** જેમાં ભગવાન, જીવ શું કરે છે? **તેનાં કાર્ય તરફ જોતાં નથી** પણ, ભગવાનને તે જીવનો ઉદ્ધાર કરવો છે માટે, 'જીવ જે કાંઈ પણ ક્રિયા કરે છે' કે 'કાર્ય કરે છે' તેને ભગવાન કૃપા માટે 'યોગ્ય' સમજે છે અને ભગવાન તેને મોક્ષ આપે છે અથવા તેનો ઉદ્ધાર કરે છે. ભગવાન તે પણ જોતાં નથી કે, શાસ્ત્રમાં વર્ણવેલ નવધા-ભક્તિથી એ જીવ તેમનું ભજન કરે છે કે નથી કરતો.

ઉદાહરણ તરીકે, ભગવાને આપેલો **કંસને મોક્ષ**. કંસને સદાય ભગવાનનો ભય રહેતો હતો કે, કૃષ્ણ ક્યાંથી આવશે? કેવી રીતે આવશે? ક્યારે આવશે? અને મને મારી નાખશે, આ ચિંતામાંજ દિવસ-રાત ભયના ભાર નીચે, કંસને ભગવાનનું જ સ્મરણ થઈ આવતું. ભગવાને કંસની આવી ભય સાથે કરેલી સ્મરણ ક્રિયાને લક્ષમાં લઈને વિચાર્યું કે, તે મોક્ષને યોગ્ય છે. તેવી જ રીતે પુતના 'ભગવાનને મારી જ નાખવા' વાળી વૃત્તિથી સતત સ્મરણ કરતી-શોધતી ફરતી હતી અને 'માતૃત્વ ભાવ પ્રગટ કરી કૃષ્ણને દૂધ પીવડાવી મારી નાખવા' તેવું ચિંતન કરતી ગોકુળમાં ફરતી. **પૂતનાએ** આવા કરેલાં કાર્યને, ભગવાને મોક્ષ આપવા યોગ્ય માન્યું અને તેને મોક્ષ આપ્યો. તેવી જ રીતે, શિશુપાળે આપેલી ગાળોને ભગવાને એવું માન્યું કે **શિશુપાળ મોક્ષનો** અધિકારી છે. આમ, ભગવદ્ ઈચ્છામાં, આવા કાર્યોને ભગવાન ધારે તો, કૃપા કરવા માટે યોગ્ય બનાવી દે છે. આ વાત થઈ પુષ્ટિમાર્ગની આમ **આ માર્ગ સ્વયં ભગવાનનો પોતાનો છે અને તેમની ઈચ્છા ઉપર આધારિત છે.**

(૩) પુષ્ટિભક્તિ એટલે શું?

શ્રી મહાપ્રભુજીને અભિપ્રેત ભક્તિની વ્યાખ્યા છે 'माहात्म्यज्ञान पूर्वक सुद्रढ सर्वतोधिक स्नेहो: भक्ति' અર્થાતઃ શ્રી ઠાકોરજી વિશે વેદ, ભાગવત, ભગવદ્‌ગીતા શ્રીમહાપ્રભુજી કૃત ગ્રંથો વિગેરે માં જે વર્ણવેલું માહાત્મ્ય જ્ઞાન છે તે જાણીને સમજીને 'સૌથી વધારે સ્નેહ સહિત' સુદ્રઢ

ક્રિયા ભગવાન સાથે જીવ કરે છે, તો તે દરેક ક્રિયાઓ ભક્તિ બની જાય છે. જેમાં, '**અવ્યભિચારીપણું, નિઃસ્વાર્થ પ્રયોજન**' એ હેતુ અને '**ભગવદ્ સુખાર્થે જ**' થતી ક્રિયા એ મહત્વનું અંગ છે.

શાસ્ત્ર ભક્તિનાં નવ પ્રકાર બતાવે છે જેને નવધા ભક્તિ કહેવામાં આવે છે (અર્ચન, વંદન, પાદસેવન, ...) આ નવધા ભક્તિને જ ધ્યેય બનાવી જીવે પોતાનું જીવન ભગવાન સાથે જીવવાનું છે. જ્યારે ભક્તની આવી ક્રિયાને યોગ્ય ગણીને ભગવાન કૃપા કરે છે તો તે ભક્તિ પુષ્ટિભક્તિ બને છે.

શ્રીમહાપ્રભુજીના મતે, શાસ્ત્રોએ બતાવેલી આ નવધાભક્તિ, **દશધા-પ્રેમલક્ષણા** યુક્ત હોવી જોઈએ. અર્થાત, અર્ચન, વંદન, પાદસેવન વિગેરે દરેકે દરેક ભક્તિ પ્રેમલક્ષણા સંયુક્ત હોવી જોઈએ, અર્થાત્ જેમાં, **'પ્રેમલક્ષણ'**નું જ પ્રાધાન્ય હોય અને ભગવદ્ સુખાર્થે થતી હોય. 'નવધા-ભક્તિમાં' આત્મ-નિવેદ્ન ભક્તિ જે છેલ્લી છે તેને શ્રીમહાપ્રભુજીએ પ્રથમ સ્થાન આપી દાસ ભાવનું માહાત્મ્ય સમજાવી દરેક જીવને, પ્રેમલક્ષણાવાળી (અર્થાત્ પ્રેમલક્ષણાસાથે) નવધા-ભક્તિ યુક્ત ભગવદ્ સેવા કરવા સમજાવ્યું.

ઉદાહરણરૂપે ૨૫૨-વૈષ્ણવોની વાર્તામાં **નાગજીભટ્ટની વાર્તામાં** પ્રસંગ-૫. આ વાર્તામાં શ્રીગુંસાઈજી નાગજીભટ્ટને શ્રીમહાપ્રભુજીના આ વચનો કહી રહ્યા છે.

'ताकौ अभिप्राय यह है, जो श्रीवल्लभाचार्यजी के मार्ग विषे श्रीठाकुरजी कौ प्रागट्य है सोइ फल है। तामें **अव्यभिचारी भक्ति** हेतु है। सो जाकों अनन्यता होइ ताको नवधा भक्ति है। और पहले नवधा भक्ति है, सो तिन एक एक भक्ति कों नौ जनेंन करी है। ताकौ सास्त्र निरुपन करत है। तातें विलक्षन जो **आचार्यजी महाप्रभु कौ मार्ग दसधा प्रेमलक्षना अधिक,** श्रीआचार्यजी महाप्रभु प्रगट करे। सो ताकौ हेतु श्रीगुसांइजी लिखे है। और **नवधा भक्ति** है सो **महामाया कौ संयुक्त** है। और इहां यह दसधा है सो **सर्वकार्यमें प्रेम संयुक्त** है। तातें यह दसधा भक्ति श्रेष्ठ है।

આમ અહિંયા શ્રીમહાપ્રભુજીના મતે નવધાભક્તિ દશધા-પ્રેમલક્ષણા યુક્ત હોવી જોઈએ તો તે **પુષ્ટિભક્તિ** બને છે. જ્યારે જીવ (ભક્ત) આ માર્ગ ઉપર ભક્તિ કરતાં ચાલે છે અને શ્રીઠાકોરજી એ જીવ ઉપર કૃપા કરવા તે માર્ગ ઉપર મળે છે ત્યારે તે માર્ગ **પુષ્ટિભક્તિમાર્ગ** બને છે.

(૪) પુષ્ટિભક્તિમાર્ગ એટલે શું?

ઉપર જણાવ્યા મુજબ જ્યારે જીવ નવધાભક્તિ દશધા-પ્રેમલક્ષણા યુક્ત કરે છે ત્યારે તે પુષ્ટિભક્તિ બને છે. અને શ્રીઠાકોરજી જીવ ઉપર કૃપા કરવા એ માર્ગ ઉપર મળે છે ત્યારે તે માર્ગ પુષ્ટિભક્તિમાર્ગ બને છે. શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલ, વ્રજ ભક્તોની રોજની ક્રિયા, ભગવદ્ સુખાર્થે સ્નેહ સંયુક્ત હતી, તેથી તેઓ ભગવાનના કૃપા પાત્ર બન્યા અને તેમની આ ક્રિયા (રોજની જીવનચર્યા) પુષ્ટિભક્તિ બની ગઈ અને શ્રીઠાકોરજી આવી ક્રિયા વાળા એ માર્ગ ઉપર વ્રજ ભક્તોને, આપની કૃપાથી પ્રાપ્ત થયા, માટે તે ક્રિયાવાળો માર્ગ **(રોજની જીવનચર્યાજ)** પુષ્ટિભક્તિમાર્ગ બન્યો. ભાગવત દ્વારા સ્પષ્ટ સમજાય છે કે વ્રજ ભક્તોએ દરેક કાર્યમાં પ્રેમલક્ષણાને પ્રાધાન્ય આપ્યું હતું અને તેમનો સ્નેહ શ્રી ઠાકોરજીમાં સુદ્રઢ સર્વતોધિક હતો.

આમ, પુષ્ટિભક્તિમાર્ગ એ વ્રજ ભક્તોએ એમના જીવનમાં, દરેક કાર્યમાં ગૂંથીને આચરેલો માર્ગ છે જેના કારણે શ્રીઠાકોરજીએ તેમના ઉપર કૃપા કરી. શ્રીમહાપ્રભુજીની વધાઈમાં આવે છે કે આપશ્રીએ શું કર્યું?

'प्रगट व्हे मारग रीत **दिखाइ**-सेवा रिती प्रिती व्रजजनकी जनहित जग **प्रगटाइ**'

આ વધાઈ પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે શ્રીમહાપ્રભુજીએ માર્ગની રીત બતાવી છે, જે રીત વ્રજ ભક્તોની હતી. અર્થાત, પુષ્ટિભક્તિમાર્ગ એ વ્રજ ભક્તોનો છે અને શ્રીમહાપ્રભુજીએ પોતાના જીવોના હિત માટે બતાવ્યો છે. (**दिखाइ** અને **प्रगटाइ** વચ્ચે જે ભેદ છે તે વિચારવો)

હવે આ માર્ગમાં વૈષ્ણવોએ અગ્રસર થવા શું વિચારવું? અને શું કરવું? તેના માટે સમજીએ:-

(૫) પુષ્ટિભક્તિ સંપ્રદાય એટલે શું?

આમ, પુષ્ટિભક્તિમાર્ગ વિશે જાણ્યા પછી સ્પષ્ટ થાય છે કે આ માર્ગ શ્રીમહાપ્રભુજીએ બનાવ્યો નથી પણ, **વ્રજભક્તોએ બનાવ્યો છે.** જે શ્રીમહાપ્રભુજીએ અંગીકૃત જીવોના હિત માટે શ્રીમદ્‌ભાગવતમાં છે તે બતાવ્યો. અંગીકૃત જીવોને આ માર્ગ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે, આપશ્રીએ ભગવદ્ આજ્ઞાને માન આપી જીવોને બ્રહ્મસંબંધ કરાવી, વૈષ્ણવ બનાવી, જીવન કેવી રીતે જીવવું? વિગેરે માટેની **મર્યાદા** પોતાના ગ્રંથોમાં અને વચનામૃતોમાં સમજાવી. જે આપણને એમના સાહિત્ય દ્વારા પ્રાપ્ત થાય છે. આ ગ્રંથોમાં વર્ણવેલ જીવોએ કરવાની ક્રિયા, તેના નિયમો (આચરણમાં મૂકવાના સિદ્ધાંતો) વિગેરેનું સંકલન શ્રીમહાપ્રભુજીએ કર્યું, તે બન્યો **પુષ્ટિભક્તિ સંપ્રદાય.**

સંપ્રદાયનો અર્થ (સમ્યક + પ્રદાય), અર્થાત મળેલો વારસો. આમ, આ વારસો છે, ગ્રંથો અને વચનામૃતોમાંથી દરેક બ્રહ્મસંબંધી વૈષ્ણવોએ જીવન કેમ જીવવું? તેનું શું કર્તવ્ય છે? શું અકર્તવ્ય છે? તેની આચારસંહિતા, મર્યાદા, જાણી અને જીવન જીવવું તે છે. માટે જ શ્રીમહાપ્રભુજી કહી રહ્યા છે ।। **शास्त्रं अवगत्यं, मनौवागदेहेहि, श्रीकृष्णः सेव्य**।। આ વારસો શ્રી મહાપ્રભુજીએ તેમની બન્ને સૃષ્ટિ, બિંદુ સૃષ્ટિ (શ્રી વલ્લભવંશજો) અને **નાદસૃષ્ટિ** (વૈષ્ણવો)ને સોંપ્યો છે.

આ થઈ, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાય અંતર્ગત, પુષ્ટિ/પુષ્ટિમાર્ગ/પુષ્ટિભક્તિ/પુષ્ટિભક્તિમાર્ગ/પુષ્ટિભક્તિ સંપ્રદાય, વિશેની જાણકારી.

શ્રીમહાપ્રભુજીના સંપ્રદાય અંતર્ગત, હવે પુષ્ટિભક્તિમાર્ગ કેવો છે તે જાણીએ? શ્રીમહાપ્રભુજીએ દૈવી જીવો માટે ભગવદ્ પ્રાપ્તિનો માર્ગ, જે **વ્રજભક્તોએ બનાવ્યો છે તે શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો.** (જે આગળ સમજી લીધું છે.) જેમાં પ્રાધાન્યતા ભગવદ્કૃપાને જ આપી છે.

આ માર્ગ કઈ દિશામાં જઈ રહ્યો છે? એ માર્ગ ઉપર આવેલા સ્થાનો કયા કયા છે? કેટલા દૂર છે સાચી દિશા કઈ? તે સમજવા માટે ૮૪-૨૫૨ વૈષ્ણવોના જીવનચરિત્રો, શ્રીમહાપ્રભુજીનાં ગ્રંથો અને તેના ઉપર કરેલી ટીકાઓ વિશે વિચારવું પડશે.

રણને કે ખૂલ્લા મેદાનને માર્ગ ન કહેવાય. માર્ગ તેને જ કહેવાય જેને કોઈ નિશ્ચિત દિશા હોય, કોઈક ગંતવ્ય હોય, ક્યાંક નિશ્ચિત જગ્યા પર પહોંચાડતો હોય, તેના ઉપર નિશ્ચિત સ્થળો આવતા હોય, અને માર્ગની સાચી દિશાનું ભાન કરાવતાં પાટિયા હોય. અને જાણીતા મૂકામ આવતા હોય તો તે માર્ગની, સ્થળની, વિશ્વસનીયતા સાબિત કરે છે. દાખલા તરીકે અમુક માર્ગ ઉપર જતાં આગ્રા આવે છે ત્યાં યમુના નદી છે જેને કિનારે તાજમહેલ છે. જો આપણે, એ માર્ગ ઉપર જઈએ અને તાજમહેલ યમુના નદીકિનારે દેખાય તો આગ્રા જતાં માર્ગની નિશ્ચિતતા અને વિશ્વસનીયતા વધે છે.

આજ રીતે પુષ્ટિભક્તિમાર્ગમાં કેવી રીતે ચાલવું? શું ન કરવું? શું ખાસ કરવું? શું કરવાથી ભગવદાસક્તિ વધે? અને શ્રીઠાકોરજીના કૃપાપાત્ર બનાય વિગેરે વિગેરે વિશે જાણકારી પ્રાપ્ત થાય તો આપણે પુષ્ટિભક્તિમાર્ગમાં છીએ કે નહિ? તે જાણી શકાય. આ વિસ્તૃત જાણકારી મળી રહે છે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોમાંથી અને ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાંથી જે પુષ્ટિભક્તિ માર્ગનાં પથદર્શક છે.

આ પ્રમાણે, પુષ્ટિભક્તિ સંપ્રદાય વિશે, (૧) શ્રીમહાપ્રભુજી, શ્રીગોપીનાથજી, શ્રીગુસાંઈજીનાં વચનામૃતો, (૨) તેમણે રચેલા ગ્રંથો અને ટીકાઓ (૩) ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં શ્રીગોકુલનાથજીએ અને શ્રીહરિરાયજીએ પ્રગટ કરેલા સિદ્ધાંતો, વિગેરેનો અભ્યાસ કરતાં સરળતાથી જાણી શકાય છે.

આ બધુ સમજાશે ક્યારે? તે હવે જાણીએ.

વાર્તા એક મણિની

એક સાધુ મહાત્મા નદી કિનારે ફરતાં હતાં. તેમણે જોયું કે એક માછીમાર, પત્થર વડે મરેલા માછલાને સૂકવણી માટે છુંદી રહ્યો હતો. સાધુએ નજીક જઈ તે માછીમારને નામ પૂછ્યું? પ્રત્યુત્તરમાં રઘુ નામ મળ્યું. સાધુએ રઘુને હાથમાં રહેલો પત્થર ધોવા જણાવ્યું. રઘુ તે પત્થર ધોઈને આવ્યો. સાધુએ રઘુને ધોઈને ચળકતા બનેલા પત્થર વિશે પૂછ્યું કે આની કિંમત શું છે તે ખબર છે? રઘુએ ના પાડી. સાધુએ તેને કહ્યું કે, બજારમાં જઈ તેની કિંમત વધુમાં વધુ કેટલી આવે છે તે પૂછી આવ પણ કોઈને વેચતો નહીં. છેલ્લે વેચતાં પહેલાં મને બોલાવજે હું નક્કી કરી આપીશ ત્યાં સુધી હું અહીંયા જ બેઠો છું.

રઘુ પત્થર લઈને ગામમાં ગયો, સૌ પ્રથમ તેને શાકભાજી વેચવાવાળો કાછીયો મળ્યો તેને રઘુએ પત્થર બતાવી પૂછ્યું તું આ પત્થરનું શું આપીશ. ભગવદ્ ઈચ્છાથી ત્યારે જ એક ઘરાક આવ્યો તેને ઘરે જમણવાર હશે તેથી મોટા ભાગનું શાક લઈ ગયો. કાછીઆના મનમાં વિચાર આવ્યો કે નક્કી આ પથ્થરને લીધે જ ઘરાક આવ્યો છે માટે આ પથ્થર શુકનવંત હોવો જોઈએ. તેણે હાથમાં લઈ વજન જોયું અને કહ્યું કે

'વજનના બાંટમાં ઉપયોગ આવે તેવો પત્થર છે તને ૧૦ દિવસ સુધી શાક આપીશ'. રઘુએ ના પાડી ત્યાંથી તે કંદોઈની દુકાને ગયો કંદોઈને આ ચળકતો પત્થર જોતાં જ ગમી ગયો અહીં પણ એવું જ થયું, ભગવદ્ ઈચ્છાથી અચાનક ૧૦ થી ૧૨ ઘરાક આવી ગયા અને તેના મનમાં પણ એવું ઠસી ગયું કે આ પથ્થર શુકનવંતો હોવો જોઈએ. કંદોઈએ કહ્યું કે મહિના સુધી તને જે મિઠાઈ જોઈશે તે આ પથ્થરના બદલામાં આપીશ, કેમકે, તે સુંદર હોવાથી કાચના કબાટમાં દર્શનીય **(Show piece)** તરીકે રાખીશ. પણ સાધુએ સમજાવ્યું હતું તે પ્રમાણે ના પાડી. અને તેને ન આપ્યો પછી તે આગળ ગયો.

સોનીની દુકાન આવી, તેને રઘુએ પત્થર બતાવ્યો. સોનીને કિંમતી પત્થર લાગ્યો તેણે રઘુને તેના બદલે તેની પત્ની માટે હાર બતાવ્યો પણ રઘુ કુંવારો હતો અને સાધુનું વચન યાદ હતું તેથી લોભમાં ન પડીને આગળ ગયો.

આગળ ઝવેરીની દુકાન આવી, રઘુએ તેને પત્થર બતાવ્યો. ઝવેરી દયાળુ-પરગજુ હતો, તેણે જોયું કે આ કોઈ કિંમતી રત્ન લાગે છે. તેણે રઘુને જણાવ્યું કે, રાજાને બતાવીએ તો સારું મૂલ્ય મળશે, અને જણાવ્યું કે સ્વેચ્છાએ રઘુ, તેને જે રકમ આપશે તે લેશે. પછી ઝવેરી રઘુને લઈને રાજા પાસે ગયો. રાજાને પત્થર બતાવ્યો. રાજાએ રાજનાં ઝવેરીને બોલાવ્યા. તેમણે રાજાનાં કાનમાં કહ્યું આ બહુ જ કિંમતી પત્થર-રત્ન છે, ચાર લાખ સોનામહોર આપી શકાય.

આ સાંભળીને રઘુ આભો બની ગયો તેને સાધુનું વચન યાદ આવ્યું. રઘુએ રાજાને સાધુના વચન વિશે જણાવ્યું અને કહ્યું કે તે સાધુ મારી ઝૂંપડીની બહાર બેઠેલા છે. તેઓ જણાવશે તે પ્રમાણે આપને આપી દઈશ. સિપાઈઓને મોકલી સાધુ મહાત્માને દરબારમાં બોલાવ્યા, યથોચિત્ત સન્માન કર્યું અને રાજાએ બધી વાત જણાવી.

સાધુએ રાજાને જણાવ્યું કે તમારા ઝવેરીને આ મણિનાં ગુણધર્મોની ખબર નથી માટે તેનો આટલો ઓછો 'ભાવ' બતાવે છે. આપ આખું રાજપાટ આપો તો પણ ઓછું છે. કેમકે આ મણિ બહુ જ કિંમતી છે.

સાધુએ રાજાને મણિના ગુણધર્મો કહ્યાં. આ મણિમાં એ ચમત્કાર છે કે, કોઈપણ ધાતુના વાસણમાં અંદર તળિયામાં અડકશે તો તે વાસણ સોનાનું થઈ જશે. પણ તે વાસણ તમારું પોતાનું જ હોવું જોઈએ અને ઘરમાં સૌથી મોટામાં મોટું એ વાસણ, જે સોના સિવાય અન્ય ધાતુનું હોવું જોઈએ, તો જ તે સોનાનું થશે અને એ સોનાનું થઈ જાય પછી ક્રમશઃ તેનાથી નાનું જે બાકી રહેલાં વાસણોમાં મોટામાં મોટું હશે તો તે પણ સોનાનું થશે. આમ બધી ધાતુના બધા વાસણો સોનાનાં થઈ શકે છે.

રાજાએ પરીક્ષા કરવા પ્રધાનને જણાવ્યું કે મોટામાં મોટું વાસણ રસોડામાં જે તપેલા છે તેનો વિચાર આવ્યો. પ્રધાને તેનાં અંદરનાં તળિયામાં મણિ મૂકાવ્યો પણ કંઈ ફરક ન પડ્યો. તેથી શંકા વ્યક્ત કરી. સાધુએ જણાવ્યું કે તે તપેલું મોટામાં મોટું વાસણ નહી હોય અથવા તમારું પોતાનું નહીં હોય માટે આમ બન્યું હશે. મહેલમાં કે બહાર તમારી સત્તાનું હજું મોટું વાસણ હોવું જોઈએ. બહુ વિચાર કર્યા પછી પ્રધાન બોલ્યા રાજાજી એક મોટી ઊંચી તાંબાની કોઠી બગીચામાં છે. જેમાં તમારા દાદા-પરદાદા ભાત રાંધીને આખા ગામને જમાડતાં હતાં પણ ઘણાં વખતથી વાપર્યા વગરની બગીચામાં પડી રહી છે.

રસાલો રાજા-સાધુ-રઘુ-પ્રધાન-ઝવેરી સાથે બગીચામાં આવ્યો, જ્યાં તે કોઠી પડી હતી. લગભગ ૫૦ ફૂટ ઊંચી હતી તેને ઉપર સુધી જવા માટે સીડી મૂકેલી હતી. રાજાએ નોકરને આજ્ઞા કરી સીડી ઉપર ચડીને તે મણિ અંદર મૂકે જેથી તળિયાને અડકે. નોકર સીડી ઉપર ગયો, તેણે મણિને અંદર છોડ્યો પણ તે કોઠી સોનાની ના થઈ અંદર અંદર બધા ગૂસપૂસ કરવા લાગ્યા, રાજાને હવે પોતાનું અપમાન થતું લાગ્યું, તેથી તે ગુસ્સે થયો.

સાધુએ રાજાને શાંત પાડ્યો અને કહ્યું કે ચાલો આપણે ઉપર જઈને જોઈએ કે કેમ આવું બન્યું. રાજા-પ્રધાન-સાધુ ત્રણે જણાં સીડી ચડીને ઉપર આવ્યા. અંદર કોઠીમાં અંધારું હતું કશું જ દેખાતું ન હતું. સાધુએ મશાલ મંગાવી મસાલના પ્રકાશમાં જોયું તો મણિ અંદર જાળામાં લટકી રહ્યો હતો.

સાધુએ સળગતી મસાલ અંદર નાખી જાળુ સળગાવ્યું, મણિ નીચે પડ્યો, ધીમે ધીમે કચરો સળગી ગયો અને મણિ તળિયાને અડકતા આખી

કોઠી સોનાની થઈ ગઈ. ત્યારબાદ રાજાએ અને સાધુએ મસલત કરી અને રાજાએ રઘુને અડધું રાજપાટ આપ્યું. કુંવરી સાથે લગ્ન કરાવ્યા.

હવે, આપણે શું કર્યું? બ્રહ્મસંબંધ જેવો ઉત્તમ મણિ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો તેને સંસારાસક્તિના અહંતા-મમતાના જાળામાં લટકાવી દીધો. કોઈએ મીઠાઈની 'મઠડી–મોહનથાળ–બુંદીના લાડવાની' બદલીમાં કે મનોરથો જેવી 'લાભ પૂજાર્થ યત્નેષુ'ની કચરા જેવી વૃત્તિમાં લપેટી દીધો. કોઈએ દર્શનીય SHOW PIECE બનાવી ધંધો કર્યો.

આવું કર્યા પછી, આપણું જીવન શુદ્ધ ક્યાંથી બને? ભક્તિ થાય ક્યાંથી? ફલરૂપતા આવે ક્યાંથી?

ફલરૂપતા, શક્ય ક્યારે બને? જ્યારે, શ્રીમહાપ્રભુજીનાં સિધ્ધાંતોની મશાલ પ્રગટાવી, આ સહસ્ત્ર પરિવત્સરોનાં 'અહંતા મમતાનાં જાળા' 'લાભ પૂજાર્થ વાળી વૃત્તિ'નાં જાળા 'ઈન્દ્રિયોની વાસનાવાળી વૃત્તિનાં' જાળાને બાળીએ ત્યારે.

આ શક્ય ક્યારે બને? જ્યારે (૧) આપણે શ્રીમહાપ્રભુજીના સિધ્ધાંતોને સમજીને આચરણમાં મૂકીએ, (૨) गुप्तो हि रसः रसत्वमापद्यते अगुप्तो रसः रसाभासःस्यात् અર્થાત્ ગુપ્ત રાખવાથી જ રસ રસ રહી શકે છે – પ્રકટ થતાં તેજ રસ રસાભાસ બની જાય છે **(શ્રીમહાપ્રભુજી કૃત સુબોધિનીજી ૧૦-૧૮-૫/૧૦-૫૯-૪૪)**. (૩) આત્મધર્મ સમજીને પોતાના તનથી પોતાના ધનથી પોતાનાં જ ઘરમાં પોતાના જ ઠાકોરજીને લાડ લડાવીએ ત્યારે. આ બ્રહ્મસંબંધનો મણિ, અંદર બિરાજેલા અંતર્યામીને અડશે અને ભગવદ્ ઈચ્છા હશે તો **'તા પાછે શ્રીઠાકોરજી સાનુભવતા જતાવન લાગે'** એવી ભક્તિ ફલ સ્વરૂપે પ્રગટ થશે. પુષ્ટિઅસ્મિતા અને તેના સંવર્ધનની પ્રક્રિયાની શરૂઆત આવી રીતે થાય છે.



પુષ્ટિ અસ્મિતા અને તેનું સંવર્ધન



પુષ્ટિ અસ્મિતા એટલે શ્રીમહાપ્રભુજીએ બ્રહ્મસંબંધ દ્વારા આપણને ઢંઢોળીને કરાવેલું **'પોતાપણાનું ભાન'** અથવા **'પોતાનાં વ્યક્તિત્વનું ભાન'**.

જેમાં, હું કોણ? ક્યાંથી આવ્યો? મારું સ્વરૂપ શું? મારું કર્તવ્ય શું? વિગેરે પ્રશ્નો જાણવા માટે સતત **તેના જ** ચિંતનમાં **તેના જ** સુખાર્થે જીવન સમર્પિત કરવાની દ્રઢ ભાવના વાળી અવસ્થા.

આ સમજવા માટે રામાયણમાંથી મળતાં પ્રસંગને જોઈશું. રામાયણમાં આવે છે કે, જ્યારે શ્રીરામચંદ્રજી, શ્રીલક્ષ્મણજી, શ્રીહનુમાનજી, શ્રીજાંબુવાનજી વગેરે વાનરસેના સાથે રામેશ્વર સુધી આવ્યા છે અને બધાને એ જ ચિંતા છે કે, હવે શ્રીજટાયુજીએ બતાવ્યા પ્રમાણે, લંકાના રાજા રાવણ સુધી કેમ પહોંચવું? આ સમુદ્ર કેવી રીતે પાર કરવો? અને શ્રીસીતાજીને કેવી રીતે મેળવવા? આવી ચિંતામાં બધા હતા ત્યારે જાંબુવાનજીએ હનુમાનજીને કહ્યું, 'અરે! હનુમાનજી તમે તો પવનપુત્ર છો, તમે ઉડીને પણ જઈ શકશો. યાદ કરો, બાલ્યાવસ્થામાં તમે આવું જ પરાક્રમ કરેલું.' **શ્રીજાંબુવાનજી દ્વારા બોલાયેલા આ વાક્યથી હનુમાનજીની જે અસ્મિતા સુષુપ્ત હતી તે જાગૃત થઈ** અને તેમણે દાસભાવે શ્રીરામચંદ્રજીને વિનંતી કરી કે 'આપ આજ્ઞા આપો તો આ દાસ આપની કૃપાથી કાર્ય કરે'. શ્રીરામચંદ્રજીએ પોતાની મુદ્રિકા (વિંટી) આપી અને રાવણની લંકામાં જઈ સીતાજીને શોધવાની આજ્ઞા કરી.

આમ, શ્રીજાંબુવાનજીના વાક્યથી શ્રીહનુમાનજીમાં જે અસ્મિતા (પોતે પવનપુત્ર છે તે અને પોતે ઉડી પણ શકે છે તે) સુષુપ્ત હતી તેમાં જાગૃતતા આવી, અને તેમણે લંકા જઈને સીતાજીને શોધ્યા એટલું

જ નહિં પણ એક **દાસમાં તેના સ્વામીએ મૂકેલી તાકાતનો** પરચો, રાવણને, અશોક વાટિકા ખેદાન-મેદાન કરીને, લંકાને સળગાવીને બતાવી દીધો.

આપણામાં બ્રહ્મસંબંધ દ્વારા શ્રીમહાપ્રભુજી આવી જ પુષ્ટિઅસ્મિતા જગાડવા માંગે છે. જે આપણો બીજભાવ છે. શ્રીમહાપ્રભુજી **પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદઃ** ગ્રંથમાં કહી રહ્યા છે કે, **....पुष्टिं कायेन निश्चय......... भगवद्रुप सेवार्थं तत्सृष्टिः नान्यथा भवेत्....** આ પુષ્ટિજીવો શ્રીઠાકોરજીની નિજ અંગની સૃષ્ટિ છે અને તેમનું કાર્ય છે ફક્ત ભગવદ્ સેવા જ કરવી.

શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ દ્વારા દરેક જીવોમાં એ જ બીજભાવને જાગૃત કરી **પુષ્ટિ અસ્મિતા** જગાડે છે. પરંતુ, તેમની આજ્ઞાઓ-સિદ્ધાંતો ન માનીને જીવ **'લૌકિક સ્વાર્થયુક્ત મોહમાયાની'** ચાદર ઓઢીને પાછો સૂઈ જાય છે, અને ભગવદ્ સ્વરૂપથી વિમુખ બને છે.

આ પુષ્ટિ અસ્મિતાના બે પ્રકારો છે.

(૧) જાગૃત પુષ્ટિ અસ્મિતા અને (૨) પ્રવાહી પુષ્ટિ અસ્મિતા.

(૧) જાગૃત પુષ્ટિ અસ્મિતાઃ આપણી ચેતનામાં, ઉત્પન્ન થતી એક એવી **ઝંખના** છે જે બ્રહ્મસંબંધના અનુસંધાનથી, જીવ જ્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરૂષાર્થ સાથે પુષ્ટિભક્તિનો જ આગ્રહ, પુષ્ટિભક્તિ સંપ્રદાયમાં રાખી જગતના આ વિષયાસક્તિનાં કાદવમાં, પોતાનામાં રહેલી અહંતા-મમતાને, ભગવદ્ પ્રિત્યર્થે વાળી **'તે' જગદીશને** શોધવા માટે, પ્રત્યેક ક્ષણ ચિંતન કર્યા કરે આવી મસ્તીને-ભક્તિને **જાગૃત પુષ્ટિઅસ્મિતા** કહેવાય.

ઉદાહરણ રૂપે **'કાદવમાં જન્મેલું કમળ જે શુદ્ધ સ્વરૂપે બહાર આવેલું છે તે'** સમજી શકાય.

(૨) પ્રવાહી પુષ્ટિ અસ્મિતાઃ આપણી ચેતનામાં ઉત્પન્ન થતી તદ્દન વિપરીત, વિકૃત **મનોવૃત્તિ**, જે બ્રહ્મસંબંધના અનુસંધાન પછી પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરૂષાર્થ સાથે વિષયાસક્તિનાં કાદવને જ માણવા, અહંતા-મમતાના પ્રાધાન્યવાળી **સ્વાર્થયુક્ત**, **'લાભ-પૂજાર્થ યત્નેષુ સાથે** જગદીશ સાથે જોડાવા કરાતી ભક્તિ તેને **પ્રવાહી પુષ્ટિઅસ્મિતા** કહી શકાય.



ઉદાહરણ રૂપે તે જ કાદવમાં જન્મેલો દેડકો.

જીવ જ્યારે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષના પુરૂષાર્થ સાથે જેવી રીતે ભક્તિને પોષણ આપશે તેનામાં તેવી **અસ્મિતાનું સંવર્ધન** થશે.

બ્રહ્મસંબંધી જીવને કદાચ એવા પ્રશ્ન થાય જેવા કે, આ જાગૃત પુષ્ટિઅસ્મિતાનું સંવર્ધન કેવી રીતે કરવું? આપણા બીજભાવને કેવી રીતે પોષણ આપવું? શું કરવાથી જાગૃત પુષ્ટિઅસ્મિતા દ્રઢ થાય?...... વિગેરે વિગેરે

આ બધાજ પ્રશ્નોના જવાબ મેળવવા માટે નીચેના બે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને વિચાર કરવો પડશે.

(૧) કયા પરિબળોની અસરથી આ બીજભાવ નષ્ટ થઈ શકે છે. અને (૨) કયા પરિબળોની અસરથી આ બીજભાવ દ્રઢ થઈ શકે છે.

હવે આપણને બીજભાવ નષ્ટ કરતાં પરિબળોની સમજણ પડી જાય તો સંવર્ધનમાં આડે આવતાં તે પરિબળોની નિવૃત્તિ કરી અને પોષણ આપતાં પરિબળોનો ઉપયોગ કરવાથી પુષ્ટિઅસ્મિતા વધુ જાગૃત થવા માંડશે અને દ્રઢતા વધશે.

ઉદાહરણ રૂપેઃ દર્દીને ટાઈફોઈડ (**Typhoid**)ના કયા લક્ષણો હોય છે તે ડૉકટરને ખબર હોય છે જેવાકે, પેટમાં દુખાવો, આંતરડામાં ચાંદા પડવાં, તાવનો પ્રકાર વિગેરે. તેના અનુસંધાનમાં જ ડોકટર તેને સારવાર રૂપે ખોરાક હલ્કો ઘી, તેલ, મરચાં વગરનો લેવાનો કહેશે.

તાવ વધે નહિ, અને મગજને અસર કરે નહિ 'માટે પેરાસીટામોલ' જેવી દવા આપશે. બેક્ટેરિયા જે આંતરડાંમાં ચાંદાં પાડે છે તેને મારી નાંખવા 'એન્ટિબાયોટિક' આપશે. દર્દીને અશક્તિ ન આવે અને શક્તિ વધે તે માટે 'ગ્લુકોઝ' અને 'વિટામીન' આપશે.

આમ, કયા પરિબળોને લીધે દર્દી હેરાન થાય છે. - શરીરમાં શું નુકશાન થાય છે? કેવું નુકશાન થાય છે?– નુકશાન કરનારા તત્વને કેમ, નષ્ટ કરવા અને પોષક તત્વો કયા લેવા? કેમ લેવાં? તે તેના ફેમીલી ડૉકટર જ **દર્દીની તાસીર** જાણીને નક્કી કરે છે.

તેમ અહિં બ્રહ્મસંબંધી જીવો માટે પુષ્ટિઅસ્મિતા જાગૃત કેમ થાય તેનું સંવર્ધન કેવી રીતે થઈ શકે તે બધું શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ તેમના ગ્રંથોમાં જણાવ્યું છે. ફક્ત આપણે તેનો ઉપયોગ યોગ્ય માત્રામાં, યોગ્ય જગ્યાએ, યોગ્ય પ્રકારે કરવાનો છે.

ઉદાહરણ રૂપેઃ શ્રીમહાપ્રભુજી પોતાના ગ્રંથોમાં કેવી આજ્ઞા કરે છે તે જોઈએ.

ભક્તિને વધારવા શું કરવું અને ક્યાં કરવું તે સમજાવે છે.

यथा भक्तिः प्रवृद्धा स्यात्.. गृहे स्थित्वा स्वधर्मतः – भक्तिवर्धिनी

એટલેકે, આ પુષ્ટિભક્તિના ભાવને વધારે દ્રઢ કરવા, જીવે ઘરમાં રહીને સેવા કરવી.

હવે કેવી રીતે કરવી?

चेतस.....तत् सिद्धये तनु-वित्तजा – सिद्धांतमुक्तावली

તમારા ઘરમાં, તમારા તન-મન-ધનથી કરવી.

ઉપયોગમાં શું લેવું? કેવું લેવું?

असमर्पित-वस्तुनां तस्माद् वर्जनम् आचरेत् – सिद्धांतरहस्यम्

એટલેકે અસમર્પિતનો ત્યાગ કરવો દરેક પદાર્થ સમર્પિત જ લો અન્યાશ્રય ન કરવો વગેરે.

આવા અનેક વચનો શ્રીમહાપ્રભુજીના, શ્રીગુસાંઈજીનાં આપણી પુષ્ટિઅસ્મિતાનું સંવર્ધન થાય માટે અનેક જગ્યાએ આપ્યાં છે. જેનો વિગતવાર વિચાર અધરામૃતની મહાપ્રસાદી પાતળમાં ભવિષ્યમાં જોઈશું.

આપણો વ્યવહાર વિવેક, ધૈર્ય અને આશ્રય વાળો હોવો જોઈએ. આ વિવેકમાં સૌ પ્રથમ વૈષ્ણવોને કેવી રીતે સંબોધન કરવું તેનો વિચાર કરીએ.

ભગવદીય-પરમ ભગવદીય-તાદશી વૈષ્ણવ

આ સંબોધનો આજે મોટા ભાગના વૈષ્ણવો એક બીજા માટે વાપરતા હોય છે. પણ તે અયોગ્ય છે કેમકે, કોને? ક્યાં? કેવું? અને કેટલું? માન અપાય તે વિવેક આપણે ભૂલી ગયા છીએ. જેમ, વ્યવહારમાં મેનેજરને મળવા જવા માટે બહાર બેઠેલા ચપરાસીને ‘સાહેબ કે બોસ’ જેવું સંબોધન કરી પોતાના ‘લાભ-પૂજાર્થે’ થાય માટે માન આપીએ અને સ્વાર્થ યુક્ત કાર્ય કરાવી લઈએ તેવા ભાવવાળું હોય છે. પરંતુ આવું વર્તન, સંપ્રદાયમાં અયોગ્ય બને છે, જે પુષ્ટિ સાહિત્યના પ્રમાણથી સમજી લઈએ. સાથે સાથે આપણે કેવા છીએ તેનું પણ અવલોકન કરીએ.

આ વાતનું સમાધાન, ‘૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા’, જેના શ્રીગોકુલનાથજી વાર્તાકાર છે અને શ્રીહરિરાયજી ભાવપ્રકાશકાર છે, તે દ્વારા થાય છે.

(૧) અહિંયા ક્યાંય ‘ભગવદીયની વાર્તા’ અને ‘પરમ ભગવદીયની વાર્તા’ એવા શબ્દો નથી. (પણ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા શબ્દો છે.)

(૨) વાર્તાની શરૂઆતમાં એવું આવે છે કે ‘અબ શ્રીમહાપ્રભુજી કે સેવક’ અથવા ‘શ્રીગુસાંઈજી કે સેવક કી વાર્તા કહત હૈ.....,’

(૩) આમ શરણે આવ્યા ત્યારે સેવક કહેવાતા હતા અને એ સેવકોએ શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીના વચનો પર દ્રઢ નિષ્ઠાભાવ રાખી આજ્ઞા પ્રમાણે શ્રીઠાકોરજી પધરાવી ગૃહસેવા કરી.

(૪) આ ગૃહસેવાના ફલસ્વરૂપે તેમને શ્રીઠાકોરજી સ્વાનુભવ જણાવવા લાગ્યા.

(૫) આવા સેવકો માટે શ્રીગોકુલનાથજી (વાર્તાકાર) અને શ્રીહરિરાયજી (ભાવપ્રકાશકાર), **તે વાર્તાના અંતમાં** આ વૈષ્ણવો માટે એમ જણાવે છે કે, 'ઐસે કૃપાપાત્ર ભગવદીય હતે, તાતે ઈનકી વાર્તા કો પાર નાહી હે, ઈનકી વાર્તા કહાં તાઈ કહીએ'

(૬) **'ઐસે કૃપાપાત્ર ભગવદીય હતે,........** થી એવો સ્પષ્ટ નિર્દેશ મળે છે કે તેઓ વાર્તા લખાઈ ત્યારે ભૂતલ ઉપર નથી અર્થાત્ તેમના **પહોંચી ગયા પછી** ભગવદીય કહેવામાં આવ્યા છે.

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાનાં અનુસંધાનમાં ખાસ જોવા મળે છે કે, આ સેવક અમુક ગામમાં રહેતા, અમુક જ્ઞાતિનાં હતાં, અને શરણે આવ્યા. મોટે ભાગે જેઓ શરણે આવે ત્યારે પ્રશ્ન એ જ પૂછે કે, અમારું કર્તવ્ય શું છે તે સમજાવો? અને પ્રત્યુત્તરરૂપે એ જ જવાબ શ્રીમહાપ્રભુજી કે શ્રીગુસાંઈજી આપતા **'શ્રીઠાકોરજીને પધરાવી ગૃહસેવા કરો.'** અને મોટા ભાગનાં વૈષ્ણવોએ ગૃહસેવા જ કરી છે.

શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીનાં વચનો ઉપર વિશ્વાસ રાખીને એવી સેવા કરી અને **સેવાના ફલ સ્વરૂપે** શ્રીઠાકોરજી સ્વાનુભવ જણાવવા લાગ્યા. ખાસ નોંધ લેવાની વાત એ છે કે પોતાને થતા સ્વાનુભવની વાત કોઈને કરતા નહીં-ગુપ્ત જ રાખતા. ઉદાહરણ રૂપે સમજીએ, (૧) જ્યારે શ્રીગુસાંઈજી રૂક્ષમણિને પૂછે છે કે શ્રીઠાકોરજી સ્વાનુભવ જણાવે છે? પણ તેઓ ના પાડે છે. આમ, શ્રીગુસાંઈજી શ્રીમહાપ્રભુજીને પણ તે સ્વાનુભવની વાત જણાવતા નહીં. (૨) સાસુ-વહુની વાર્તામાં આવે છે કે, શ્રીમહાપ્રભુજી વહુને જણાવે છે કે શ્રીઠાકોરજીએ તારી બહુ સરાહના કરી છે ત્યારે વહુ પ્રત્યુત્તરમાં એ જ જવાબ આપે છે કે **'શ્રીઠાકોરજીનાં પેટમાં આટલી વાત પણ ના રહી?'** વિગેરે વાતોમાં સ્વાનુભવ પ્રગટ ના થાય તેની કાળજી લેતા, કેમ કે શ્રીમહાપ્રભુજી જણાવે છે કે गुप्तो हि रसः रसत्वमापद्यते अगुप्तो रसः रसाभास:स्यात् અર્થાત્ સ્વાનુભવની વાતો ગુપ્ત રાખવામાં આવે તો રસ રહે

છે પ્રકટ કરવાથી રસાભાસ એટલેકે ભવાડો થઈ જાય છે. (જ્યારે આજના મોટાભાગના 'કહેવાતા' આપણે વૈષ્ણવો, જેને તેને-થતો ન થતો અનુભવ-મરી મસાલા-મીઠું મરચું ઉમેરીને જાહેર કરતાં હોઈએ છીએ.)

૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તામાં આ **વૈષ્ણવોના સ્વાનુભવ** વાર્તાકાર શ્રીગોકુલનાથજીએ તેમના (વૈષ્ણવોના) લીલામાં પહોંચી ગયા પછી પ્રકટ કર્યા છે. આ પ્રકટ એટલા માટે કરવામાં આવ્યું કે, તેમના પિતાના (શ્રીગુસાંઈજીના) અને તેમના દાદાના (શ્રીમહાપ્રભુજીના) સેવકો કેવા કૃપાપાત્ર હતા? તે આપણે તેમની વાર્તામાંથી કંઈક સમજીએ, જાણીએ, અને આચરણમાં મૂકીએ એટલા માટે. આ વાર્તાકાર (શ્રીગોકુલનાથજી) અને ભાવપ્રકાશકાર (શ્રીહરિરાયજી) આવા વૈષ્ણવો જેમને શ્રીઠાકોરજી સ્વાનુભવ જણાવતા તેમને માટે વાર્તાના અંતમાં તેઓ જણાવે છે કે, 'યે ઐસે કૃપાપાત્ર ભગવદીય હતે'.

આમ ભગવદીય કોને કહેવાય? પ્રશ્નના જવાબમાં જણાય છે કે, (૧) જેઓ શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરીને ભગવદ્પ્રિત્યર્થે જ જીવન વિતાવે. (૨) તેમનાં આવા સેવા પ્રકારથી તે વૈષ્ણવને, શ્રીઠાકોરજી સ્વાનુભવતા જણાવે (જે બધુ ગુપ્ત જ રાખે આ વાત) (૩) તેમનાં લીલામાં પહોંચી ગયા પછી શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી જાહેર કરે કે તેઓ આવા 'ભગવદીય' હતાં.

સાર ગ્રહણઃ આમ, બધીજ વાર્તાના સાર રુપ એવું જ જણાય છે કે **'ભગવદીય'**ની પદવી-ઉપાધી, શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં **(University)**માં શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી જેવા કુલપતિ **(Chancellor)** તથા ઉપકુલપતિ **(Vice Chancellor)** દ્વારા જીવને-વૈષ્ણવને લીલામાં પહોંચી ગયા બાદ જાહેર કરાતી પદવી, ઉપાધિ કે ડીગ્રી છે અને આ ડીગ્રી ત્યારે જ આપાતી જેમનું જીવન, શ્રીમહાપ્રભુજીએ જણાવેલ પુષ્ટિભક્તિમાર્ગનાં, પુષ્ટિભક્તિસંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે જીવતા હોય તો જ, ફલસ્વરૂપે તેમને શ્રીઠાકોરજી સ્વાનુભવ જતાવતા હોય ત્યારે જ.

દરેક વાર્તામાં, શરૂઆત જોવા મળે છે સેવક.... અમુક ગામનાં.... શરણે આવ્યા...... શ્રીમહાપ્રભુજી-શ્રીગુસાંઈજીની આજ્ઞાનું પાલન કરી જીવન વિતાવ્યું..... શ્રીઠાકોરજી સ્વાનુભવતા જતાવતા...... છેલ્લે 'યે ઐરે ભગવદીય હતે તાતે ઈનકી વાર્તા કહાં તાઈ કહિયે.' એવું લખાણ આવે છે

આમ, ભગવદીય ક્યારે ક્હેવાય તે સમજી લીધા પછી **પરમ ભગવદીય** કોણ? તે સવાલ ઉભો થાય. પરમ ભગવદીય એટલે પ્રત્યેક ક્ષણે, પ્રત્યેક પળે શ્રીઠાકોરજીનાં જ સુખનો વિચાર કરતા હોય, કેમ કે ભગવદીય કરતા ઉપરની કક્ષા 'પરમ ભગવદીય' છે અને આ ડીગ્રી એવા ને જ અપાય જે સતત શ્રીઠાકોરજીનાં સુખાર્થે જ પોતાનું જીવન પ્રત્યેક પળે-પ્રત્યેક ક્ષણ વિતાવતા હોય અને અમલ કરતા હોય.

હવે, **તાદશી વૈષ્ણવ** કોને કહેવા? શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી જણાવે છે કે, તાદશી વૈષ્ણવ મળવા અતિ દુર્લભ છે. શ્રીગોકુલનાથજીની, નિજવાર્તા-ઘરૂવાર્તામાં આવે છે કે, શ્રીગોકુલનાથજી બિરાજે છે ત્યારે આખા ગોકુલમાં એક તાદ્રશી વૈષ્ણવ હતાં જેમની ખબર આખા ગોકુળ ગામનાં વૈષ્ણવોને (જેઓ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી કે તેમના સાત લાલજીનાં સેવકો હતા તેમને) પણ ન હતી. અત્યારે જ્યાં ત્યાં જેને તેને - વગર વિચાર્યે તાદ્રશી વૈષ્ણવની પદવી અપાય છે. શું ખરેખર વિચારવા જેવું નથી લાગતું?

આમ, આવા વૈષ્ણવોને જ, શ્રીમહાપ્રભુજીના પુષ્ટિસંપ્રદાયની યુનિર્વસિટીમાં-શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજીનાં સહિ, સિક્કાવાળા સર્ટિફિકેટવાળી મળતી **ભગવદીય - પરમ ભગવદીય - તાદશીની ડીગ્રી**, લીલામાં પહોંચ્યા પછી પ્રાપ્ત થાય છે જે શ્રીમહાપ્રભુજીના પુષ્ટિભક્તિસંપ્રદાય અંતર્ગત અપાયેલી પદવી છે.

જ્યારે આજે આપણે આ પરમ ભગવદીય, રૂ. ૫ કે વધુ ભેટ નોંધાવનારને રસીદ સાથે આપી દેતા હોઈએ છીએ અથવા દરેકને સંબોધન કે નિમંત્રણ આપવામાં આગળ લખી દેતા હોઈએ છીએ અથવા વાત વાતમાં લાયકાત ન હોય તેવાને આ પદવી આપી દેતા હોઈએ છીએ.

આ તો ૪ ધોરણ પાસ ન હોય તેવી વ્યક્તિને, એમ.બી.બી.એસ. કે એમ.ડી. કે એમ.એસ. ની પદવી આપી તેને હોસ્પીટલમાં નિયુક્ત કરવા જેવી વાત થઈ ગઈ. (આવા ડૉક્ટરોને ભેગા કરવાથી હૉસ્પિટલજ નહિં પણ ગામ આખાનું કે શહેર આખાનું 'આરોગ્ય ખાતુંજ' રોગિષ્ટ થઈ જશે.)

આમ જેને તેને, ભગવદીય કે પરમ ભગવદીય ન કહેવાય. ઘણી વ્યક્તિઓ, વૈષ્ણવને ઓળખવા માટે તાદશી વૈષ્ણવ છે તેવું સંબોધન કરે છે તે પણ યોગ્ય નથી.

મોટે ભાગે આવા સંબોધનો-વ્યવહારો

(૧) લાભ-પૂજાર્થ યત્નેષુ જેવા ભાવવાળા હોય છે. અથવા

(૨) **उंटस्य विवाहे गर्दभस्य गानं.... परस्पर प्रसस्यति.... अहो रुपम्.... अहो रुपम्.... मधुर ध्वनि..... मधुर ध्वनि.....** ના ભાવ વાળા હોય છે. (એટલે કે ઉંટના વિવાહ થતા હતા-ગધેડો ગીત ગાતો હતો ગધેડો ઉંટના વખાણ કરે, 'તમારું રૂપ બહુ સુંદર છે દુનિયાના પટમાં તમારા જેવું સુંદર કોઈ નથી' અને માયરામાં બેઠેલો પીઠી ચોળેલો ઉંટ, 'ગધેડાના વખાણ કરે દુનિયાના પટમાં તમારા જેવા સૂરિલા રાગ વાળો ગાનાર પણ કોઈ નથી' તેમ પરસ્પર એક બીજાના વખાણ કરે.)

વધુતો શું કહેવું દરેક વાંચનાર બુદ્ધિશાળી જીવ છે જ. શુદ્ધ સિદ્ધાંત સમજીને, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં **વિવેકથી** વૈષ્ણવોને કેમ બોલાવવા તે વિચારી શકે છે.

જ્યારે સંબોધન કરવામાં આવે ત્યારે **પ્રાચીન પ્રણાલિકા** એ જ હતી કે, 'શ્રીના અસીમ કૃપાપાત્ર વૈષ્ણવ...... હરિગુરુ વૈષ્ણવ સેવા પરાયણ ભાઈ/બહેન...... શ્રીહરિગુરુ વૈષ્ણવના કૃપાપાત્ર......' વિગેરે વૈષ્ણવને સંબોધનો તેની **ગૃહસેવાની ક્રિયાને** ધ્યાનમાં રાખીને કરવામાં આવતાં, નહિ કે, ૮૪-૨૫૨ વૈષ્ણવોની સરખામણી કે તુલના કરાવતા સંબોધનો.

સત્સંગ સાર - ૮૪-૨૫૨નો

આમ, શ્રીમહાપ્રભુજીનાં સંપ્રદાયમાં પુષ્ટિભક્તિમાર્ગની અદ્વિતીયતા જાણવા મળે છે. ૮૪-૨૫૨ વૈષ્ણવોએ પુષ્ટિભક્તિમાર્ગની અદ્વિતીયતાને જાણી, સમજી, માણી અને જીવનમાં ઉતારી અનુભવી. આથી જ ૮૪-૨૫૨ વૈષ્ણવો આપણા માટે પુષ્ટિભક્તિમાર્ગનાં પથ-દર્શક (ભોમિયા) બન્યા. **આ પુષ્ટિભક્તિમાર્ગની પારદર્શીતા**, જે ૮૪-૨૫૨ વૈષ્ણવોએ માણી, તેને **આપણા માટે** શ્રીગોકુલનાથજીએ પ્રકટ કરી, અને તેના ઉપર ભાવપ્રકાશ શ્રીહરિરાયજી એ લખી આપણને સરળ કરી સમજાવી.

જો આ ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાને ભાવપ્રકાશ સાથે સમજવામાં આવે તો પુષ્ટિસંપ્રદાયના સિધ્ધાંતને જીવનમાં કેવી રીતે ઉતારવા? આ પુષ્ટિભક્તિમાર્ગમાં કેવી રીતે ચાલવું? શું ન કરવું? શું કરવાથી શ્રીઠાકોરજી શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર બનાય વિગેરે સમજી શકાય. શ્રીગોકુલનાથજીએ કહેલ, ૮૪ વૈષ્ણવોની પ્રથમ વાર્તા **દામોદરદાસ હરસાનીજીમાં**, શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં સમજાવે છે કે,

सो एक दिन श्रीगोकुलनाथजी चौरासी वैष्णवन की वार्ता करत कल्याण भट्ट आदि-वैष्णवन के संग रसमग्न होइ गये, सो **श्रीसुबोधिनीजी की कथा कहन की सुधि नाहीं**, सो अर्द्ध-रात्रि होइ गई। तब एक वैष्णवने श्रीगोकुलनाथजी सों बिनती करी जो - महाराजाधिराज आज कथा कब कहोगे ? अर्धरात्रि गई। तब श्रीमुखतें श्रीगोकुलनाथजी ने कही, (जो) **आज कथा को फल कहत हैं। वैष्णव की वार्ता में सगरो फल जानियो। वैष्णव उपरांत और कछु पदारथ नाहीं है।** यह पुष्टिमार्ग है सो वैष्णव द्वारा फलित होयगो।

અહીંયા, સ્પષ્ટ સમજાય છે કે વૈષ્ણવોની વાર્તાઓ માટે શ્રીગોકુલનાથજીનો અભિપ્રાય એ છે કે, આ વાર્તાઓ શ્રીમહાપ્રભુજીએ રચેલ **શ્રીસુબોધિનીજીના** ફલ બરાબર છે.

વિચારણીય મુદ્દાઓઃ- આપણે વિચાર એ કરવાનો કે, આ વાર્તાઓ **'કપોલ કલ્પિત'** નથી, પણ **મહાપ્રભુજીના પુષ્ટિસંપ્રદાયની** હકીકત

છે. પરંતુ જ્યારે **પોતાનો સ્વાર્થ ન સંધાતો હોય** ત્યારે અથવા જ્યારે શ્રીમહાપ્રભુજીએ જણાવેલ સિધ્ધાંતો ન પળાતા હોય ત્યારે **અથવા** પોતાના **'લાભ પૂજાર્થમાં'** આ વાર્તાઓ વચ્ચે આવતી હોય ત્યારે હીન વિચારવાળો માણસ એવું જ વિચાર કરે એ આ વાર્તાઓ **અરેબિયન નાઈટ્સ જેવી 'કપોલ કલ્પિત' છે અથવા** ૫૦૦ વર્ષ જુની વાતો છે, આજના યુગમાં આ શક્ય નથી, **યુગધર્મનું** પણ કંઈક મહત્વ છે, માટે આજના યુગને માન આપીને જીવવું જોઈએ......... વિગેરે વિચારે. - આને ભગવદ્ ઈચ્છા સમજવી, અને જે થાય છે તેને ભગવદ લીલા જાણવી.

જો, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં દિક્ષિત થયેલો **જીવ દ્રઢ હશે તો** આવી બાલીશ વાતો સાંભળીને ભગવદ્ ઈચ્છાને જ મહત્વ આપશે કેમકે, અસારવાવાળા ગોપાલદાસજીના 'વલ્લભાખ્યાન'માં શબ્દો છે કે, ...

> 'એવો **મારગ શ્રીવલ્લભવરનો** રે, જહાં **પ્રવેશ નહીં વિધિ-હરનો** રે
> તેને **કાળ કર્મ નવ બાંધે** રે, યમતે શિર ધનુષ્ય ન સાંધે રે.'

આવી 'ભગવદ્દીય વાણી'થી દ્રઢ થયેલી પુષ્ટિસંપ્રદાય અંતરંગ શ્રીમહાપ્રભુજીની સૃષ્ટિ (બિંદુ સૃષ્ટિ અને નાદ સૃષ્ટિ) કોઈ દિવસ સેવા કે ભક્તિ માટે **'કાળને'** અને **'યુગધર્મને'** મહત્વ નહીં જ આપે, કેમકે, તે શ્રીવલ્લભવરના માર્ગમાં છે.

સંપ્રદાય સારઃ પુષ્ટિભક્તિ સંપ્રદાય અંતર્ગત, આચરાતો પુષ્ટિભક્તિ માર્ગ એટલે પરમાત્માની કૃપાથી મળતી ભક્તિનો માર્ગ. જે જીવાત્મા, પરમાત્માની કૃપાને કારણે ભક્તિમાર્ગ ઉપર અગ્રેસર થાય છે તે ક્યારેય લૌકિક વિષયો જેવાકે, **ધન-પદ-પ્રતિષ્ઠા કે યશ જેવા ક્ષુદ્ર સુખોને** મેળવવા માટે પોતાની ભક્તિને સાધન બનાવતો નથી.

જેવી રીતે, **લૌકિક સ્વાર્થની પૂર્તિ** માટે કરવામાં આવતી ભક્તિ પુષ્ટિભક્તિ હોતી નથી તેવી રીતે, લૌકિક વિષયોની ક્ષણભંગુરતા ને કારણે ઉદ્ભવેલી ભીતિ કે વિરક્તિ પુષ્ટિભક્તિની જાગૃત અસ્મિતાને પામી શકતી નથી. તેથી, લૌકિક વિષયોમાં આસક્તિ કે વિરક્તિના સંદભમાં પુષ્ટિભક્તિના સાચા સ્વરૂપને ઓળખી શકાતું નથી.

સત્સંગ - પદ્મનાભદાસજીનો

શ્રીમહાપ્રભુજીના વૈષ્ણવો, શ્રીદ્વારકાધીશજીના સેવક **દામોદરદાસ સંભરવાળા** અને શ્રીમથુરાનાથજીના સેવક **પદ્મનાભદાસ**, એક જ ગામ **કનોજ**માં રહે છે. દામોદરદાસજી કનોજ રાજ્યના દિવાન છે. અખૂટ સંપત્તિ છે. વાર્તામાં આવે છે કે, ઘરમાં નાહ્વા માટે (સ્નાન કરવા માટે)નું જલ, રૂપાના ઘડામાં (તતેડામાં) ગરમ થતું હતું. શ્રીઠાકોરજીને પીળી સામગ્રી સોનાના પાત્રમાં આવતી અને સફેદ સામગ્રી ચાંદીના પાત્રમાં ધરતાં. દામોદરદાસજીએ પહેલે દિવસે જ્યારે શ્રીદ્વારકાધીશજીનો પ્રસાદ શ્રીમહાપ્રભુજીને **એ જ શ્રીઠાકોરજીના પાત્રમાં** ધર્યો ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું 'શ્રીઠાકોરજીના પાત્રમાં પ્રસાદ ન લેવાય'. તેના અનુસંધાનમાં દામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીને જણાવ્યું કે, 'મહારાજ કનોજમાં કંસારા મરી ગયા નથી, આપ આજ શ્રીઠાકોરજીના પાત્રમાં અરોગો શ્રીઠાકોરજી માટે કાલે નવા પાત્રો આવશે.' આમ, રોજ લેવડાવતા અને શ્રીઠાકોરજી માટે બીજા દિવસે બધા પાત્રો નવા જ આવતાં.

આના ઉપરથી ખ્યાલ આવી શકે છે કે દામોદરદાસજીની પાસે પુષ્કળ દ્રવ્ય અને જાહોજલાલી હશે. (શ્રીદામોદરદાસજીએ શ્રીમહાપ્રભુજીનું જ સુખ વિચાર્યું હતું તેમનો ભાવ એ હતો કે પાત્ર બદલવામાં - ઠલવા-ઠલવીમાં ઠાકોરજીનો પ્રસાદ આપ અરોગે પહેલ ઠંડો થઈ જાય તેના કરતાં જેવો સરાવ્યો છે તેવો ગરમ જ આપ અરોગે.)

જ્યારે આ જ કનોજમાં બિરાજતા શ્રીમથુરાધીશજીને તેમના સેવક પદ્મનાભદાસજી જાતે વિણેલા લાકડાની ભારી વેચીને કે કોડીનો વ્યવસાય કરીને જે કમાણી થતી તેમાંથી છોલા લાવીને ફક્ત તેનીજ સામગ્રી ધરતાં.

વિચારણીય :-

(૧) શ્રીમહાપ્રભુજીએ કોઈ દિવસ દામોદરદાસજીને **એવી આજ્ઞા નથી** કરી કે પદ્મનાભદાસજીને મદદ કરો.

(૨) કોઈ દિવસ દામોદરદાસજીએ સ્વયં તેમને દ્રવ્ય આપવાની કુચેષ્ટા નથી કરી.

(૩) પદ્મનાભદાસજીએ કોઈની પાસે માંગવાની કુચેષ્ટા નથી કરી.

કેમકે, આવી માંગીને કે છિના-ઝપટી કરીને લીધેલી સેવાને સંપ્રદાય અંતર્ગત શ્રીમહાપ્રભુજી ઉત્તમ પ્રકારની સેવા ગણતાં નથી. **દ્રવ્ય માંગીને સેવા કરવાથી સેવકની અને માથે બિરાજતા પ્રભુની અસ્મિતા જળવાતી નથી.** કોઈનું આપેલું સેવક લે છે તે શ્રીઠાકોરજીને પસંદ નથી.

પદ્મનાભદાસજીની વાર્તામાં પ્રસંગ–૧, શ્રીહરિરાયજી ભાવપ્રકાશમાં જણાવે છે કે શ્રીમહાપ્રભુજીએ શ્રીપદ્મનાભદાસજીને કહ્યું હતું કે, यथा लाभ संतोष करी सेवा करनो यह उत्तम पक्ष है। अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभि:। શ્રીમહાપ્રભુજીએ પદ્મનાભદાસને કહ્યું કે ભાગવત સિવાયના ધર્મગ્રંથો વાંચો પણ **ભાગવત વૃત્યર્થ ન વાંચવું જોઈએ.** આવી આજ્ઞા થતાં જ પદ્મનાભદાસજીએ સંકલ્પ કર્યો, કોઈ પણ ધર્મગ્રંથ વૃત્યર્થ નહીં વાંચુ.

શ્રીમહાપ્રભુજીએ પૂછ્યું કે નિર્વાહ કેવી રીતે કરશો? તેના પ્રત્યુત્તરમાં તેમણે કહ્યું કે યજમાનને ઘરે જઈને માંગી લાવીશ (અર્થાત યજમાનવૃત્તિ કરીશ). પછી વિચાર કરતાં તેમને લાગ્યું કે વૈષ્ણવ થયાં પછી યજમાનવૃત્તિ કરીશ તો લોક એમ કહેશે કે 'વૈષ્ણવ થયા પછી ભીખ માંગવાનો વારો આવ્યો.' વળી, શાસ્ત્રએ યાચકવૃત્તિને (માંગીને લેવાની વ્યાવૃત્તિને) ઉત્તમ પ્રકારની વ્યાવૃત્તિ નથી કહી, કેમકે યાચકનું સમાજમાં માન, સન્માન, અસ્મિતા ખંડિત થાય છે, અને આવું કરવાથી માથે બિરાજતા શ્રીઠાકોરજી પણ લૌકિક દ્રષ્ટિથી ગૌણ થઈ જાય છે. (જો આવુ માંગવાનું શ્રીઠાકોરજીને નામે થાય તો ખોટું જ ગણાય.)

પાછો સંકલ્પ કર્યો કે યજમાનવૃત્તિ પણ નહીં કરું. ત્યારે શ્રીઆચાર્યજીએ પૂછ્યું નિર્વાહ કેવી રીતે કરશો? પ્રત્યુત્તરમાં જણાવ્યું

કે **વૈશ્યવૃત્તિ કરીને** એટલેકે વેપાર ધંધો કરીને નિર્વાહ કરીશ. વાર્તામાં આવે છે કે તેઓ કોડી વેચતાં, સૂકા લાકડા વેચતાં અને આ રીતે પોતાની આંજીવિકાથી જ કમાઈને શ્રીઠાકોરજીને ભોગ ધરતા. (એટલું જ એ દ્રવ્ય રોજનું કમાતા જેથી કરીને રોજ શ્રીઠાકોરજીને ભોગ ધરવાં પૂરતાં છોલા–ચણા આવી શકે.) અને ઉત્તમ પક્ષ શ્રીમહાપ્રભુજી જણાવે છે કે अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः। તેથી તેમણે અવ્યાવૃત્તનો નિયમ લીધો અને સેવા મન લગાવી કરતા અને અનોસરમાં શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ કરતા.

વિચારણીયઃ વાર્તામાં સ્પષ્ટ આવે છે કે તેઓ જંગલમાં જઈ સૂકા લાકડા વીણી, ભારી બનાવી **એ જ કનોજની બજાર વચ્ચે** લાકડા વેચવા ઉભા રહેતાં, (વેચવા માટે બીજા ગામમાં જતાં નહોતા) પણ પૂર્વે **જે કનોજમાં** પોતે વ્યાસાસન પર બેસીને ભાગવત કથા અને પૂરાણકથા કરેલી અને આખું ગામ સાંભળવા આવતું એજ કનોજમાં લાકડા વેચવા ઉભા રહેતા. (અહીંયા વિચારવાનું એ છે કે એમની અહંતા આ ક્રિયા કરવામાં કેટલી ઘવાઈ ગઈ હશે? કેટલી પાતળી થઈ ગઈ હશે? કેમકે, આખું ગામ, રાજા પણ જેમની કથા સાંભળતાં હતાં તે પદ્મનાભદાસજી એજ કનોજના બજારમાંજ લાકડાની ભારી વેચવા ઉભા રહે.) જ્યારે સૂકા લાકડા જંગલમાંથી ન મળે અને શાસ્ત્ર આજ્ઞા પ્રમાણે લીલા લાકડા કપાય નહીં તેવી પરિસ્થિતિમાં કોડીઓ વેચવા બેસી જતાં.

એ જમાનામાં કોડી દ્રવ્ય તરીકે વપરાતી અને છૂટક પરચૂરણ સિક્કાનું કામ કરતી. એક પૈસાની વીસ કોડી મળે તેઓ ઓગણીસ કોડી મૂકતા અને એક કોડી **વટાવરૂપે** પોતે રાખતાં અને જ્યારે આવી કોડીન ઢગલીઓ પૂરી થતી ત્યારે પોતે ઉભા થઈ જતાં. અને આ રીતે કમાયેલ એક પૈસામાંથી છોલા–ચણા લાવીને શ્રીઠાકોરજીને બધા ભોગમાં ધરતાં (આવું કરતા તેમને બિલકુલ દુઃખ નહોતું થતું અને પોતે જ્ઞાની પંડિત હ તેવો અહંકાર પણ જતો રહેતો.) આમ, પોતાના જ કમાયેલા દ્રવ્યથ પોતે શ્રીઠાકોરજીની સેવા કરતાં તેમની વાર્તા પ્રસંગ–૭માં આવે છે ક પદ્મનાભદાસજી એકવાર અડેલ શ્રીમહાપ્રભુજીના સત્સંગ-સાનિદ્ય મા

અર્થાત્: શ્રીઆચાર્યજીએ કનોજ જવાની આજ્ઞા પદ્મનાભદાસજીને આપી પણ મનમાં વિચાર કરે છે કે પદ્મનાભદાસ અચાનક કેમ ચાલ્યો ગયો? ત્યારે અક્કાજીએ કહ્યું બે દિવસનું સીધુ મોકલ્યું હતું તે પણ પાછું આપી ગયો ત્યારે શ્રીઆચાર્યજી બોલ્યા, સીધુ મોકલ્યું હતું એટલે ગયો નહિ તો પદ્મનાભદાસ ન જતો મારો પદ્મનાભદાસ એવો જ છે.

ભાવપ્રકાશમાં જણાવ્યા પ્રમાણે સ્પષ્ટપણે જણાઈ આવે છે કે શ્રીઅક્કાજીએ મોકલેલી સામગ્રીનો પ્રકાર શ્રીમહાપ્રભુજીને ગમ્યો નથી.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આપણા શ્રીઠાકોરજી માટે કોઈની પાસે કશું જ માંગવું નહીં અને કોઈ આપે તો ધરવું નહીં કેમકે, સંપ્રદાય અંતર્ગત માંગવાનો કે લેવાનો પ્રકાર નથી. (જે હવે પછીના 'સત્સંગ'ના વાર્તા પ્રસંગમાં સમજીશું.)

(*શ્રીમહાપ્રભુજીનું વચન છે કે, **गुप्तो हि रसः रसत्वमापद्यते अगुप्तो रसः रसाभासःस्यात्** માટે પદ્મનાભદાસજી શ્રીમહાપ્રભુજીને પણ, શ્રીમથુરાધીશજીની વાત **'અક્કાજીએ મોકલેલા સીધાની'** પસંદ નથી તે કહેતા નથી)

વાણીના અધિપતી (શ્રીમહાપ્રભુજી) વિના બોજો કોઈ શ્રુતિ-સમુહના વચનોનો (ગૂઢ) ભાવ (તાત્પર્ય) સંપૂર્ણ પણે જાણવા માટે સમર્થ નથી. કારણકે, સતી સ્ત્રી પોતાનો (હૃદય) ભાવ (પોતાના) પતિની જ સંમુખ પ્રગટ કરે છે (બીજે નહિ).

તે (કારણ) થી હે શ્રીવલ્લભ નામવાળા (શ્રીમહાપ્રભુજી)! જે લોકો આપે કહેલ વચન (વેદાર્થ) થી અન્યથા નિરૂપણ કરે છે તે લોકો ભ્રાંત છે કેવળ અન્ધતમ્‌ને (એક પ્રકારનું નરકને) પ્રાપ્ત થનાર છે. (વલ્લભાષ્ટક - 3)

સત્સંગ - કિશોરીબાઈનો

આવી જ વાત, શ્રીગુંસાઈજીની સેવક ૨૫૨ વૈષ્ણવની વાર્તા ક્રમાંક–૨૦૯ **કિશોરીબાઈની વાર્તા** પ્રસંગ-૨ માં આવે છે એકદિવસ કિશોરીબાઈએ શ્રીનવનીયપ્રિયાજીને ગાદી તકિયા ઉપર રમતા જોયા. કિશોરીબાઈ પોતાના મનમાં બહુજ પ્રસન્ન થયા અને શ્રીઠાકોરજીની સેવા બહુજ પ્રીતિથી કરવા લાગ્યા. **કિશોરીબાઈ સૂતર બહુ જ કાંતતા** અને તેમાંથી મળેલા **પોતાના જ દ્રવ્યથી** ઠાકોરજીની સેવા કરતા. તેથી ઠાકોરજી પણ પ્રસન્ન રહેતા.

એક દિવસ એક વૈષ્ણવે કિશોરીબાઈને કોઈક સામગ્રી આપી કિશોરીબાઈએ તેને સિદ્ધ કરીને શ્રીઠાકોરજીને ભોગ સમર્પ્યો. તે દિવસે રોજ દર્શન આપીને અરોગતા **ઠાકોરજી પધાર્યા નહિ,** ત્યારે કિશોરીબાઈને ખૂબ જ દુઃખ થયું અને પોતાના મનમાં ખેદ થયો. બહુ વિનંતી કરી ત્યારે **શ્રીઠાકોરજી બોલ્યા તેં મારા માટે બીજાની સામગ્રી* કેમ લીધી? હું કેવી રીતે અરોગું? (વાર્તાકાર શ્રીગોકુલનાથજી છે.)**

ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી પણ જણાવે છે કે એક વૈષ્ણવે બીજાની સત્તા સામગ્રી પોતાના શ્રીઠાકોરજીને અરોગાવવી નહિ અને કંઈ **પણ બીજા વૈષ્ણવ પાસે લઈને શ્રીઠાકોરજીમાં વિનિયોગ ન કરાવવો તે ઠાકોરજી અંગીકાર કરતાં નથી.**

(*સામગ્રી એટલે શ્રીના સુખાર્થે, પોતાની સત્તાનું, નિવેદન કરેલું શ્રીના ઉપયોગમાં લેવાતું કાંઈપણ. માટે શ્રીદામોદરદાસ સંભરવાળાની વાર્તામાં લૂંડીની વાતમાં આવે છે કે 'તે લૂંડી ઉત્તમ સામગ્રી હતી.')

વિચારણીયઃ સંપ્રદાયમાં વાર્તાકાર શ્રીગોકુલનાથજી અને ભાવપ્રકાશકાર શ્રીહરિરાયજી શ્રીઠાકોરજીના વચનો આપણને **ચેતવણીરૂપે સમજાવે છે કે એક વૈષ્ણવે બીજા વૈષ્ણવ પાસેથી કશું પણ લઈને**

(ફલ, ફુલ, વસ્ત્ર, પાત્ર.... વિગેરે) પોતાના ઠાકોરજીને ન ધરવું જોઈએ. કેમકે, આ વ્યવહાર શ્રીઠાકોરજીને પસંદ નથી, અંગીકાર કરતાં નથી.

(તો શું મારા બગીચાનાં ફૂલ-ફળ બીજાના ઠાકોરજી માટે અપાય ખરાં? અથવા હું આપું તો બીજા વૈષ્ણવથી લેવાય ખરા? આ પ્રશ્નનો જવાબ જ ઉપર આવી ગયેલો છે.)

સંપ્રદાય સારઃ

(૧) ક્યારેય પણ શ્રીમહાપ્રભુજીએ કોઈને પણ એમ આજ્ઞા નથી કર
કે, ભગવદ્ સુખ માટે તમે બીજાને સેવા માટે દ્રવ્ય આપો અથવ
બીજા પાસે માંગો. (જુઓ આગળ સત્સંગ પદ્મનાભદાસજીન
પ્રસંગ 'વિચારણીય')

(૨) કોઈનું કાંઈ પણ લઈને (ફલ, ફૂલ, મેવો વિગેરે) શ્રીઠાકોરજી
ધરીએ છીએ તો શ્રીઠાકોરજી અરોગતા નથી કે વસ્ત્ર, ફૂલની માળ
વિગેરે અંગીકાર કરતાં નથી. એટલે આવું ધરેલું, પ્રસાદી થતું
નથી અને અણપ્રસાદી લેવાનો દોષ લાગે જ છે. (દ્રષ્ટવ્ય
કિશોરીબાઈની વાર્તામાં શ્રીઠાકોરજી સ્પષ્ટ જણાવે છે કે, તેં મ
બીજાનું કેમ ધર્યું ? હું કેવી રીતે અરોગું?)

(૩) સમર્પિત દ્રવ્યજ શ્રીઠાકોરજીમાં વિનિયોગ થઈ શકે (એટલે
આપણું પોતાનું કમાયેલું દ્રવ્ય જે શાસ્ત્રનિષેધ ન હોય તેનો)

(૪) પોતાના શ્રીઠાકોરજીને પોતાના ઘરમાં પોતાના દ્રવ્યથી ઉત્ત
પ્રકારે સેવવા જોઈએ કેમકે, શ્રીઠાકોરજી ઉત્તમ વસ્તુ
ભોક્તા છે.

(૫) આમ વિચારતા ખ્યાલ આવે છે કે **શ્રીઠાકોરજીની સેવા મા**
આપવું, માંગવું કે લેવું તે કનિષ્ટ પ્રકારનો લૌકિક વ્યવહ
છે. જ્યારે પોતાના જ સમર્પિત દ્રવ્યથી, પોતાના જ શ્રીઠાકોરજી
સેવા પોતે જાતે કરવી તે ઉત્તમ પ્રકાર છે.

(૬) **કોઈનું લેવા માટે (લૌકિક સ્વાર્થ માટે) રસ્તા કાઢવા અને**
અનુસરવું તે તો 'ગંગોજ' થવાના લક્ષણ છે. (ગંગોજ એટલે પ

ગંગા નદિ જે, શ્રીપ્રભુનું ચરણોદક છે. જેમાં ન્હાવાથી પાપ ધોવાય છે. તે ગંગાના પ્રવાહ માંથી વિમુખતા આવવાથી છૂટું પડેલું પાણીનું વહેણ જેમાં ગંગાની પવિત્રતા નથી પણ પાપોનો સંગ્રહ છે.)

(૭) જો આપણે બીજાનું લઈને સેવામાં વાપરીએ છીએ તો **ભગવદ્ આજ્ઞાનો વિરોધ** કરી રહ્યા છીએ તે ધ્યાન રાખવું જોઈએ કે ઠાકોરજી તે અંગીકાર કરતા નથી.

એક વિચારણીય પ્રસંગઃ

એક વાર એક વૈષ્ણવ (કલ્પિત નામ- કલ્પનાબેન રાખીએ) સત્સંગમાં આવ્યા. જેઓ પોતાના બગીચામાંથી ફૂલ પધરાવી લાવ્યા હતા. તેમણે 'અમુક વૈષ્ણવોને' આપ્યા. તેમને પૂછતા જણાવ્યું કે, 'મારા બગીચામાં ઘણાં છોડ છે અને ભગવદ્ ઈચ્છાથી ફૂલ ખૂબ ઉતરે છે માટે વૈષ્ણવોના ઠાકોરજીને અંગીકાર કરાવવા માટે લાવી છું.'

ત્યારે સત્સંગમાં કિશોરીબાઈના પ્રસંગની વાત થઈ તે બહેને જણાવ્યું કે 'મારા ઠાકોરજી માટે ફૂલ મેં રાખ્યા છે પછી 'વધ્યા' તેથી મેં આપ્યા છે. કેમકે, જો આજે ફૂલ ન પધરાવું તો કાલે 'કરમાઈને ખરી પડે' અને રહેવા દઉં તો 'ફૂલ બગડી જાય' અને 'ફેંકી દેવા પડે' તેના કરતાં કોઈના ઠાકોરજીને અંગીકાર થાય તો ઉત્તમ કહેવાય.'

પછી તેમણે જણાવ્યું કે, 'પેલા વાર્તા પ્રસંગમાં આવે છે કે, **ફૂલતો વ્રજભક્તોનું સ્વરૂપ છે અને શ્રીઠાકોરજીને અંગીકાર થવા માટે** તત્પરતાથી રાહ જુએ છે. માટે અંગીકાર કરાવવા જ જોઈએ.'

આવી ડાહી ડાહી વાતો તેમણે કરી, જાણે પોતે જે આચરણમાં મૂકી રહ્યા છે તે સાચું અને ઉત્તમ જ છે. તેમણે જે વાત કહી તે **ભાવપક્ષની** વાત છે. જ્યારે **સિદ્ધાંતપક્ષને** ધ્યાનમાં રાખીએ તો શ્રીઠાકોરજીને, શ્રીમહાપ્રભુજીને શું ગમે છે? શું નથી ગમતું? એટલે કે વૈષ્ણવોએ શું આચરણમાં મૂકવું અને શું ન મૂકવું તેની સ્પષ્ટતા થઈ શકે છે. અને ફૂલો

વ્રજભકતો છે અંગીકાર કરાવવા જોઈએ વિગેરેમાં કલ્પનાબેનની સાંપ્રદાયિક સાચી આત્મીયતા કેટલી છે તેનું નિરાકરણ થઈ જાય.

પ્રસંગ સારઃ-

(૧) કલ્પનાબેને પોતાના શ્રીઠાકોરજી માટે (સારા ફૂલ જો વિણીને કાઢ્યા હોય તો) બીજા ફૂલ તેમના શબ્દોમાં 'વધારાના' એટલે કે તેમના-પોતાના ઠાકોરજી માટે ઉત્તમ નથી લાગ્યા તેવા અથવા જરૂરત નથી તેવા - ભલે સારા ફૂલ હોય તો પણ આ ફૂલો 'ભાવદુષ્ટ' થઈ ગયા ગણાય કે નહિ તે વિચારવું.

(૨) બીંજા દિવસે બગડી જાય - ફેંકી દેવા પડે, ખરી પડે, નકામા થઈ જાય આવા ભાવવાળા ફૂલ જો લેનાર વૈષ્ણવ તેના ઠાકોરજીને ધરે ત્યારે શું તે તેના ઠાકોરજીને જણાવશે? 'મહારાજ આ માળાજી કલ્પનાબેનના બગીચાના વધારાના-ફેંકી દેવા પડે, બગડી જાય તે ફૂલના છે તે હું આપને ધરું છું.' શું આ વ્યવહાર ઉત્તમ કહેવાશે. (કદાચ ધરનાર બોલે નહિ પરંતુ ફૂલ આપનારના ભાવનો વિચાર કરીએ તો? બહુ સારો પક્ષ ન જ ગણી શકાય.)

(ટી.વી. પર હાસ્ય સમ્રાટના કાર્યક્રમમાં આવેલો એક રમૂજી પ્રસંગ યાદ આવે છે કે, પત્ની પ્રેમથી પોતાના પતિને જમાડતા-જમાડતા વિવેક કરે છે આ છેલ્લી બે રોટલી લઈ લો, પતિ આનાકાની કરે છે સ્નેહાળ પત્નિ આગ્રહ કરે છે તમને મારા સમ આ છેલ્લી બે રોટલી લઈ લો નહિતર મારે કૂતરાને ફેંકી દેવી પડશે. હવે આપણે વિચારીએ કે આ પ્રેમ થયો? વિવેક થયો? કે પછી બીજું કાંઈ?)

(૩) હવે જો લેનાર વૈષ્ણવે ઠાકોરજીમાટે ફૂલ માંગ્યા હોય તો અથવા માંગ્યા વગર લીધા હોય તો તેનો અર્થ એવો થાય છે કે ઠાકોરજીને આવા 'ફૂલની ગરજ' છે. માટે ધરવા જ જોઈએ તેવો ભાવ પ્રગટ થાય છે.

હવે જો આવું કરીએ અને તે જ સાચું માનીએ તો પદ્મનાભદાસજી અને અક્કાજીનો પ્રસંગ વિચારીએ. તેમાં પદ્મનાભદાસજીએ પાછું

મોકલેલું સીધું. શ્રીમથુરાધીશજીએ પદ્મનાભદાસજીનો પક્ષ લીધો તે. અને સંપ્રદાય અંતર્ગત શ્રીઠાકોરજીનો સંકલ્પ, **વૈષ્ણવે પોતાની સત્તાનું પોતાના ઠાકોરજીને ધરવું** તે પણ ખોટું સાબિત થશે.

(૪) કિશોરીબાઈની વાર્તામાં આવે છે શ્રીઠાકોરજીનો આગ્રહ છે અને આજ્ઞા છે કે, **'દરેક વૈષ્ણવે પોતાને માથે બીરાજતા શ્રીઠાકોરજીને પોતાની સત્તાનું જ અંગીકાર કરાવવું - બીજાની સત્તાનું તેઓ સ્વીકારતા નથી.'** જેને શ્રીગોકુલનાથજી અને શ્રીહરિરાયજી પણ સમર્થન આપે છે.

હવે જો બીજાની સત્તાનું ધરવામાં આવે તો તે ધરનારને ભગવદ્ **આજ્ઞા ઉલ્લંઘનનો** દોષ લાગે છે. અહિંયા મહાભારતનો પ્રસંગ વિચારવા જેવો છે. ભગવાને યુધિષ્ઠિરને જૂઠ્ઠ બોલવા જણાવ્યું હતું પણ પોતે ધર્મનિષ્ઠ છે અને સાચું જ બોલે છે તેના અભિમાનમાં જૂઠ્ઠ ન બોલતાં 'નરોવા કુંજરોવા' કહ્યું તેથી ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનો દોષ લાગતાં નરકના દર્શન કરવા પડ્યા.

આપણે ભગવદ્ આજ્ઞાનું ઉલ્લંઘન સ્વાર્થ માટે કરીએ તો દોષ લાગે છે ભગવદ્ અપરાધ કરનારનો પક્ષ શ્રીઠાકોરજી કે શ્રીગુસાંઈજી પણ લેતા નથી. (જુઓ વાર્તા કૃષ્ણદાસ અધિકારીની)

(૫) જો લેનાર વૈષ્ણવના ઠાકોરજી કલ્પનાબેન પાસે આ ફૂલ માંગે તો તેમણે પધરાવવા જ જોઈએ. પણ આ કાર્ય ગુપચુપ કરવું જોઈએ પોતાને થયેલા સ્વાનુભવની વાત ફૂલ આપનારને પણ પ્રગટ કરવી ન જોઈએ. અને લેનાર જે કરે છે તે ભગવદ્ ઈચ્છા છે તેમ સમજીને રહેવું જોઈએ. (જો કલ્પનાબેન પ્રગટ કરે છે કે મને ભગવદ્ આજ્ઞા થઈ છે. તો તે દંભ થઈ જશે) અને જો એવી જ ભગવદ્ આજ્ઞા ઠાકોરજી પોતાના વૈષ્ણવને કરે, કે આ ફૂલ મને ધર તો ભગવદ્ આજ્ઞા ઉલ્લંઘનનો દોષ તેને લાગશે નહિ. આમ, વૈષ્ણવનું કર્તવ્ય અને અકર્તવ્ય સ્પષ્ટ થયું.

(૬) કલ્પનાબેને પોતાના ફૂલ સત્સંગમાં આવેલા અમુક જ વૈષ્ણવને આપ્યા બધાને નહિં આવી ક્રિયાથી લૌકિક વ્યવહાર પ્રગટ થયો.

અને બીજા વૈષ્ણવ કે તેમના ઠાકોરજી અયોગ્ય સાબિત થયા. આવી લૌકિક વૃત્તિને લીધે થતા વ્યવહારને કારણે હીન ભાવ જન્મે છે અને આપનાર-લેનાર અને જોનાર બધા જ સંસારાસકત વિચારોવાળા થાય છે. જ્યારે વિરોધ પ્રગટ કરવાથી સિદ્ધાંત પ્રગટ થાય છે. અને ભગવદાસકિત વધે છે.

(૭) કલ્પનાબેનનો ભાવ 'ફૂલો વ્રજભક્તો કહેવાય અને અંગીકાર કરાવવા જોઈએ' જો આ વાત સાચી હોત તો સંપ્રદાય અંતર્ગત એવા વચનો મળતે કે **વૈષ્ણવોએ ફૂલો વ્રજભક્તો કહેવાય માટે શ્રીઠાકોરજીને અંગીકાર કરાવવા,** ગમે ત્યાંથી (પોતાની સત્તા નથી ત્યાંથી પણ) ગમે તે રીતે (માંગીને, ગુપચુપ રીતે, જન્મસિદ્ધ અધિકાર છે સમજીને, બીજાના બગીચામાંથી) લાવીને અંગીકાર કરાવવા જ જોઈએ.

(૮) આ જ સત્સંગમાં બીજા ભાઈ હતાં જેમણે ફૂલ લીધા કે નથી લીધા તેની ખબર નથી, પણ તેમણે જણાવ્યું કે 'હું નથી માનતો કે આ રીતે લેવામાં દોષ છે' મેં જણાવ્યું કે, 'કદાચ તમે સાચા હશો પણ સંપ્રદાયના સાહિત્યમાં એવી સ્પષ્ટતા નથી કે લેવા. જ્યારે કિશોરીબાઈની વાર્તામાં ભગવદ્ આજ્ઞા બીજાની સત્તાની સામગ્રી ન લેવાની છે.' વાત રહી તમારી માનવા કે ન માનવાની તેના ઉદાહરણ રૂપે એક વાત કહુ છું.

ન્યૂટને પ્રયોગ કરીને સાબિત કર્યું કે ગુરુત્વાકર્ષણ એ પૃથ્વીના પેટાળમાં એવું કોઈ અદશ્ય બળ છે જે વસ્તુને પોતાના તરફ ખેંચે છે. ન્યૂટનના વિરોધીઓ એ જણાવ્યું કે તે અદશ્ય હોવાથી માનવા તૈયાર નથી. તેના પ્રત્યુત્તરમાં ન્યૂટને એટલું જ કહ્યું તમે પોતાને સાચા માનો છો અને જો દ્રઢ છો તો સામેના મિનારા ઉપરથી હવામાં ઉડવાની કોશિષ કરો અને કહો હું ગુરુત્વાકર્ષણને માનતો નથી જો તમે સાચા હશો તો હવામાં ઉડશો નીચે નહિ ખેંચાવ.

આમ, ભગવદ્ અપરાધ કરવામાં દોષ છે કે નહિ તે માનવું કે ન માનવું તમારી અસ્મિતા ઉપર આધાર રાખશે તે જાગૃત પુષ્ટિ અસ્મિતા છે કે પ્રવાહી પુષ્ટિ અસ્મિતા છે?

હવે વિચાર આવે કે, કોઈપણ વૈષ્ણવ જેને ત્યાં ફૂલ બહુ ઉતરતાં હોય તો શું કરવું?

(૧) જો ગુરુ આજ્ઞા આપે તો તેમણે ગુરુગૃહે દાસ ભાવથી, અહંકાર વગર સ્વાર્થ રહિત બ્રહ્મસંબંધના ભાવથી સમર્પિત કરી શકાય.

(૨) પોતાના જ ઠાકોરજી માટે દરેક સમયના (શૃંગાર, રાજભોગ, અનોસર, ઉત્થાપન, સેન વગેરેના) જુદા જુદા એક કરતાં વધારે માળાજી ધરી શકાય.

(૩) માળાજી કસ્તાં વધેલા ફૂલને શ્રીઠાકોરજીના મંદિર પાસે બીછાવીને સુગંધ અંગીકાર કરાવી શકાય.

(૪) બે ભાઈની વાર્તામાં આવે છે કે તેઓ બીજા જરૂરિયાત વાળા વૈષ્ણવોને ગુપચુપ-છુપીરીતે-પ્રગટ થયા વગર દ્રવ્ય કે સામગ્રીની મદદ કરતાં.

વાર્તા ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેઓ જરૂરિયાત વાળાને મદદ કરતાં અહિયાં લેનાર ઉત્તમ પ્રકારના વૈષ્ણવ છે વાર્તામાં એમ નથી આવતું 'યે ઐસે ભગવદીય હતે જો દુસરે સે લેતે થે ઔર સેવા કરતે થે યાકો ઠાકોરજી સાનુભવ હતે'.

જુઓ સંતદાસજીની વાર્તા, જેમાં બીજા વૈષ્ણવોએ મોકલેલા પૈસા શ્રીગુસાંઈજીને ભેટ કર્યા અને પોતે પ્રસાદ ન લીધો. જુઓ નાગજીભટ્ટની વાર્તા વૈષ્ણવોનું દ્રવ્ય શ્રીગુસાંઈજીને અંગીકાર કરાવ્યું. એક પણ વાર્તા એવી નથી જેમાં કોઈ વૈષ્ણવે બીજા પાસેથી લીધું હોય અને સેવા કરી હોય તેને પ્રોત્સાહન આપ્યું હોય..

હવે પછીની વાર્તા સત્સંગ રજોક્ષત્રાણીનો તેમાં આવે છે કે, પોતાના ઠાકોરજી માટેની સામગ્રી જે સમર્પિત છે તે શ્રીમહાપ્રભુજી માંગે છે તો પણ નથી પધરાવી.

સત્સંગ - રજોક્ષત્રાણીનો

શ્રી મહાપ્રભુજી જ્યારે અડેલમાં બિરાજતાં હતા ત્યારે, કાશીથી શ્રીઅક્કાજીની પરચારગી કરવા માટે **'રજો ક્ષત્રાણી'** અડેલ આવ્યા છે. આપશ્રીના ઘરથી થોડે દૂર તેમણે પોતાનું ઘર-આવાસ રાખ્યું હતું. પોતાના ઘરેથી નિત્ય નિયમ મુજબ વહેલી સવારે ઉઠી પોતાના શ્રીબાલકૃષ્ણજીની બધીજ સેવામાં પહોંચી, ભોગ સરાવી, અનોસર કરાવી. શ્રી અક્કાજીની સેવા કરતા અને તેમને સેવા અંતર્ગત સહાયરૂપ થતાં, અર્થાત્ પરચારગીમાં રહેતા.

રજો ક્ષત્રાણી શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક હતા અને શ્રીમહાપ્રભુજીની દરેક આજ્ઞાનું પાલન દાસ ધર્મ સમજીને અમલમાં મૂકતાં. શ્રીમહાપ્રભુજી જ્યારે પણ વૈષ્ણવોને સત્સંગ કરાવતા ત્યારે વૈષ્ણવોએ જીવનમાં શુ ઉતારવું? શુ આચરવું? વિગેરે જણાવતા. રજો ક્ષત્રાણી તેનું અક્ષરસહ પાલન કરતાં, અને આચરણમાં મૂકતા.

વાર્તામાં આવે છે કે એક વાર શ્રીમહાપ્રભુજીએ તેમના પિતાજીના શ્રાદ્ધ નિમિત્તે બ્રહ્મભોજન કરવા બ્રાહ્મણોને બોલાવ્યા અને ત્યારે ઘી ખૂટ્યું, ત્યારે શ્રીમહાપ્રભુજીએ, એક સેવકને રજો ક્ષત્રાણી પાસે મોકલ્યા અને કહ્યું કે, 'રજોને કહો કે મે ઘી મંગાવ્યુ છે માટે ઘી આપે'. સેવકે રજોને વાત કરી.

રજોના મનમાં તરત જ વિચાર આવ્યો અને બુદ્ધિ વાપરી કેમકે શ્રીમહાપ્રભુજી સત્સંગમાં કહેતા કે, તમારા ઘરની વસ્તુ જે તમે તમારા શ્રીઠાકોરજીને સમર્પિત કરી છે તે તમારા જ શ્રીઠાકોરજીની સેવામાં અંગીકાર કરાવવી **અન્યથા નહીં**. અને કોઈ માંગે તો આપવી નહી કેમકે બધી સમર્પિત વસ્તુ ઉપર તમારા **શ્રીઠાકોરજીનો અધિકાર છે**. અન્ય કોઈનો પણ નહીં.

(આ દ્રઢ ભાવ રજો ક્ષત્રાણીને થયો હતો તેથી જ શ્રીમહાપ્રભુજ સાથે ચર્ચા-વિચારણા વાદ-વિવાદ સાથે કરી છે.** જેની વાત આપણે પછી જોઈશું.)

હવે વિચાર આવે કે, કોઈપણ વૈષ્ણવ જેને ત્યાં ફૂલ બહુ ઉતરતાં હોય તો શું કરવું?

(૧) જો ગુરુ આજ્ઞા આપે તો તેમણે ગુરુગૃહે દાસ ભાવથી, અહંકાર વગર સ્વાર્થ રહિત બ્રહ્મસંબંધના ભાવથી સમર્પિત કરી શકાય.

(૨) પોતાના જ ઠાકોરજી માટે દરેક સમયના (શૃંગાર, રાજભોગ, અનોસર, ઉત્થાપન, સેન વગેરેના) જુદા જુદા એક કરતાં વધારે માળાજી ધરી શકાય.

(૩) માળાજી કરતાં વધેલા ફૂલને શ્રીઠાકોરજીના મંદિર પાસે બીછાવીને સુગંધ અંગીકાર કરાવી શકાય.

(૪) બે ભાઈની વાર્તામાં આવે છે કે તેઓ બીજા જરૂરિયાત વાળા વૈષ્ણવોને ગુપચુપ-છુપીરીતે-પ્રગટ થયા વગર દ્રવ્ય કે સામગ્રીની મદદ કરતાં.

વાર્તા ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેઓ જરૂરિયાત વાળાને મદદ કરતાં અહિયાં લેનાર ઉત્તમ પ્રકારના વૈષ્ણવ છે વાર્તામાં એમ નથી આવતું 'યે ઐસે ભગવદીય હતે જો દુસરે સે લેતે થે ઔર સેવા કરતે થે યાકો ઠાકોરજી સાનુભવ હતે'.

જુઓ સંતદાસજીની વાર્તા, જેમાં બીજા વૈષ્ણવોએ મોકલેલા પૈસા શ્રીગુસાંઈજીને ભેટ કર્યા અને પોતે પ્રસાદ ન લીધો. જુઓ નાગજીભટ્ટની વાર્તા વૈષ્ણવોનું દ્રવ્ય શ્રીગુસાંઈજીને અંગીકાર કરાવ્યું. એક પણ વાર્તા એવી નથી જેમાં કોઈ વૈષ્ણવે બીજા પાસેથી લીધું હોય અને સેવા કરી હોય તેને પ્રોત્સાહન આપ્યું હોય..

હવે પછીની વાર્તા સત્સંગ રજોક્ષત્રાણીનો તેમાં આવે છે કે, પોતાના ઠાકોરજી માટેની સામગ્રી જે સમર્પિત છે તે શ્રીમહાપ્રભુજી માંગે છે તો પણ નથી પધરાવી.

એટલે રજો ક્ષત્રાણીએ આવનાર વૈષ્ણવને ઘી મંગાવવાનું કારણ પૂછ્યું તે વૈષ્ણવે જણાવ્યું કે, શ્રીમહાપ્રભુજીએ તેમના પિતાજીના શ્રાદ્ધ નિમિત્તે બ્રહ્મભોજન કરવા બ્રાહ્મણોને બોલાવ્યા અને ઘી ખૂટ્યું છે. માટે આપની પાસેથી માંગ્યું છે. અને તેના પ્રત્યુત્તરમાં રજોએ જણાવ્યું કે 'આપશ્રીને કહેજો કે ઘરમાં ઘી નથી, માટે નથી આપ્યું.'

શ્રીમહાપ્રભુજીએ એજ વૈષ્ણવને ત્રણ વાર મોકલ્યા અને ત્રણે વાર રજો ક્ષત્રાણીએ ના પાડી અને ઘી આપ્યું નથી. શ્રીમહાપ્રભુજીએ બીજી જગ્યાએથી ઘી મંગાવી કામ ચલાવ્યું. ૮૪- વૈષ્ણવની વાર્તા ક્રમાંક–૫, વાર્તા પ્રસંગ–૧ માં જે ચર્ચા થઈ, જે **વાદ-વિવાદ થયા તેનો અક્ષરસહ વિચાર કરીએ.**

**સાંજના જ્યારે શ્રીમહાપ્રભુજીને રજો ક્ષત્રાણી પોતાના શ્રીઠાકોરજીનો પ્રસાદ લેવડાવવા ગયા ત્યારે શ્રીમહાપ્રભુજી મોઢું ફેરવીને બિરાજ્યા અને વાત ન કરી.

ત્યારે રજો ક્ષત્રાણી એ પૂછ્યું કે 'મહારાજ મારો શો વાંક છે?'

ત્યારે શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું કે 'ઘરમાં ઘી નથી તો આ સામગ્રી કેવી રીતે બનાવી?'

તેના પ્રત્યુત્તરમાં રજો ક્ષત્રાણીએ શ્રીમહાપ્રભુજીને સામે પ્રશ્ન કર્યો કે, 'મહારાજ ઘી તો આપના ઘરમાં પણ હતું તો કેમ ન વાપર્યું?'

પ્રત્યુત્તરમાં શ્રીમહાપ્રભુજીએ જણાવ્યું કે 'તે ઘી તો શ્રીઠાકોરજી માટે હતું' (વિચારણીયઃ એટલેકે ઘરની વસ્તુ શ્રીઠાકોરજીને માટે જ સમર્પિત હોવાથી અન્ય જગ્યાએ પોતાના ઠાકોરજી શિવાય લૌકિક કે વૈદિક કાર્યમાં ન વાપરવી તે ઉત્તમ પક્ષ છે.)

રજો ક્ષત્રાણીએ એજ ભાવમાં જણાવ્યું કે, 'મહારાજ મારા ઘરે પણ ઘી મારા શ્રીઠાકોરજી માટે જ હતું અને તેનાથી અધિક આપ છો. અને મને એજ વિચાર આવ્યો કે આપે મારી પાસે ઘી, **મારી પરીક્ષા**

લેવા માટે જ મંગાવ્યુ છે. અને મે માન્યું કે આપે મંગાવેલ ઘી લૌકિક-પ્રવાહી અને મર્યાદા આવેશની આજ્ઞાથી મંગાવ્યુ છે માટે નથી આપ્યું. આપે જો પુષ્ટિઆવેશથી આજ્ઞા કરી હોત અને વૈષ્ણવ સાથે કહેડાવ્યું હોત કે **'રજો તારા પુષ્ટિધર્મમાં હાનિ નહીં થાય ઘી આપજે તો હું જરૂર આપતે.'** વાર્તામાં આવે છે,

उह वैष्णव सों कहि देते, जो-रजो सों कहियो। तेरे पुष्टि-धर्म में हानि नाहीं है, घी दीजो। तो मैं काहे कों फेरती? और महाराज!* **जानि बूझि के कूआ में कैसे परुं? आपु की कृपा तें इतनो ज्ञान भयो तब मैं घी नाहीं दियो।** आपु तो बुद्धि प्रेरक हो। मेरे हदय में बैठि के घी देवे की नाहीं कहे। उहां के घी मंगाये। सो मैं बिना मोल की दासी हों। आपु कृपा करिये।

સંપ્રદાય સારઃ

(૧) આ વાર્તામાં વાર્તાકાર શ્રીગોકુલનાથજી અને ભાવપ્રકાશકા શ્રીહરિરાયજી જણાવે છે કે, પોતાના ઠાકોરજીને સમર્પિત સામગ્રી કોઈને અપાય નહિ.

સંપ્રદાય અંતર્ગત શ્રીમહાપ્રભુજીને પણ બતાવવું હતું કે **'હું માંગ તો પણ શ્રીઠાકોરજી માટે જ ઘરમાં હોવાથી મને પણ કાંઈજ ન અપાય.' (રજોબાઈમાં આ જાગૃત પુષ્ટિઅસ્મિતાની ઝલ દેખાય છે.)**

(૨) *આમ, આપણી સત્તા, સામગ્રી કોઈ માંગે અને આપીએ તો જાણ જોઈને કૂવામાં (સંસારમાં-લૌકિકમાં) પડવા જેવું થાય.

(૩) શ્રીમહાપ્રભુજીએ આ પ્રસંગ રજો ક્ષત્રાણીની પરીક્ષા કરવા માટે ઉભો કર્યો હતો અને આપશ્રીને ખાતરી હતી કે રજો દ્રઢતા સંપ્રદાય અંતર્ગત વૈષ્ણવે કેમ રહેવું? તેનો સચોટ જવાબ મ આપશે, જેના પરથી **ભવિષ્યમાં સંપ્રદાયના જીવોને માર્ગદર્શ મળી શકશે. (વિચારણીયઃ** જીવોને માર્ગદર્શન આપ શ્રીમહાપ્રભુજીએ આવો વ્યવહાર કર્યો. શું ઘી ઘટે ખરું?)

(૪) રજો ક્ષત્રાણી સ્પષ્ટ જણાવે છે કે આ મેં જે કર્યું છે તે આપનો જ વિચાર છે. આપે જ મારા હૃદયમાં બેસીને ઘી નહિ આપવાની આજ્ઞા કરી છે. હું તો માત્ર આપની દાસી છું.

આમ, શ્રીમહાપ્રભુજીએ માંગ્યું છે તો પણ રજોક્ષત્રાણીએ નથી આપ્યું. શ્રીમહાપ્રભુજી પણ ચર્ચાબાદ પ્રસન્ન થયા અને રજોની લાવેલી પ્રસાદી આરોગી અને બતાવ્યું કે મારી આજ્ઞા પ્રમાણે જીવ સંપ્રદાયમાં ચાલે છે ત્યારે વેદની મર્યાદા એ સ્નેહને કારણે હું તોડું છું. (વાર્તામાં આવે છે કે, શ્રીમહાપ્રભુજી જણાવે છે કે, શ્રાદ્ધને દિવસે બીજી વખત ભોજન ન લેવાય તો પણ તેમણે પ્રસાદ લઈને બતાવ્યું.)

શ્રીમહાપ્રભુજીએ જે માર્ગ બતાવ્યો છે તે **'પુષ્ટિભક્તિ માર્ગ'** અને આ બ્રહ્મસંબંધી જીવો બહિર્મુખ ન થાય તે માટે બનાવેલા નિયમો એટલે સિદ્ધાંતો એ શ્રીમહાપ્રભુજીનો પોતાનો **'પુષ્ટિભક્તિ સંપ્રદાય'**. જેમાં બ્રહ્મસંબંધ પછી જીવ પુષ્ટિઅસ્મિતા જગદીશ સાથે, સહજ સરળતાથી માણી શકે માટે, **તનુવિત્તજાવાળી, ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ વાળી, સેવા-સ્મરણની રીત બતાવી છે.** (જેમ વ્રજ ભક્તોએ પોતાની સુવા-જાગવાની, રમવા-જમવાની વિગેરે બધી જ દૈનિક જીવન ચર્યામાં શ્રીકૃષ્ણ તન્મયતા જોડી હતી તેમ)

સંપ્રદાય (સમ્યક + પ્રદાય) એટલે કે મળેલો વારસો. **શ્રીમહાપ્રભુજીએ પોતાનો આ વારસો પોતાના બન્ને વંશજો (બિંદુસૃષ્ટિ અને નાદસૃષ્ટિ)ને સોંપ્યો છે.** આમ વારસામાં મળેલી પુષ્ટિઅસ્મિતાનું સંવર્ધન બે પ્રકારમાંથી કયા પ્રકારે કરવું તે બ્રહ્મસંબંધી જીવના હાથમાં છે. કેમકે, શ્રીમહાપ્રભુજી આપણને સૌને બતાવવું હતું કે, 'હું માંગુ તો પણ ન અપાય' કેમકે, 'બધુ શ્રીઠાકોરજીને સમર્પિત છે.' તેવો પુષ્ટિઅસ્મિતા વાળો ભાવ આપણામાં દ્રઢ કરાવવો છે.

સિધ્ધાંતથી, વિરુધ્ધ જતો હોય તો તેનું અનુકરણ ન કરવું. અને જો તે વ્યક્તિ વાતો કરી શીખામણ આપતો હોય અને તે વાતો જો શ્રીમહાપ્રભુજીના વચનોથી વિરુધ્ધ હોય તો, આચરણમાં ન મૂકવી કેમકે તેવી ક્રિયા જીવને સંસારાસક્ત બનાવી **બર્હિમુખતા** તરફ લઈ જઈ શકે છે.

સત્સંગ - ભાગવતકથાનો

શ્રીમહાપ્રભુજીના મતે શ્રીમદ્દભાગવત સાક્ષાત શ્રીઠાકોરજીનું જ સ્વરૂપ છે, જેના (શ્રીમદ્દભાગવતના) દ્વાદશ સ્કંધોને શાસ્ત્રોએ ભગવાનના દ્વાદશ અંગો સાથે સરખાવ્યા છે. અને તેથી આપશ્રીનો દ્રઢ આગ્રહ એજ છે કે આ શ્રીમદ્દભાગવતનું પઠન **કોઈપણ કારણસર કે હેતુ સાથે ન થવું જોઈએ.** (આજ ભાવથી શ્રીઠાકોરજી કે શ્રીયમુનાજીની ભક્તિ કોઈપણ કારણસર કે હેતુસર ન થવી જોઈએ.) ૮૪ વૈષ્ણવની વાર્ત **પદ્મનાભદાસજીની,** ક્રમાંક ૪ પ્રસંગ-૧માં આવે છે કે, શ્રીઆચાર્યજ દામોદરદાસ સંભરવાળાના ઘરે હતાં ત્યારે પોથી ખોલીને સત્સંગ કરાવત હતાં. ત્યાં પદ્મનાભદાસ પોતાના ઘરેથી આવ્યા અને દંડવત કરીને બેઠાં, શ્રીઆચાર્યજીએ નિબંધનો શ્લોક ભાગવતના અનુસંધાનમાં કહ્યોઃ

पठनीयं प्रयत्नेन् सर्व हेतु विवर्जितम्।
वृत्यर्थेनैव युंजीत प्राणैः कण्ठगतैरपि।।१

तद्भावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत्।
त्रयाणं येन केनापि भजन् कृष्णमवाप्नुयात्।।२

અર્થાત્ ભાગવત પ્રયત્ન કરીને **કોઈપણ જાતના હેતુ વગર** વાંચ આજીવિકા માટે તો **ક્યારેય** પણ ભાગવત ન વાંચવું જોઈએ. પ્રાણ ક સુધી આવી ગયા હોય તો પણ. નિર્વાહ માટે તો એ સિવાયનું બીજું ક પણ (ભાગવત સિવાયના પુરાણો રામાયણ, મહાભારત વિગેરે) વાં શકાય.

આ સાંભળતાની સાથે જ પદ્મનાભદાસજીએ જલથી **અંજલિ ભ અને સંકલ્પ કર્યો** આજ પછી કોઈપણ દિવસ કોઈપણ કથા કહી વૃત્તિ (કમાણી) નહીં કરું એટલેકે, કોઈપણ ભગવદ્ શાસ્ત્ર-પુરાણ વાંચી કમાણી નહીં કરું. શ્રીમહાપ્રભુજીએ કહ્યું, બ્રાહ્મણ છો એટલે **અન્ય પુરા** (ભાગવત સિવાયના પુરાણો રામાયણ, મહાભારત વિગેરે) વાંચી શ છો, પણ **ભાગવત નિર્વાહ માટે કે કમાણી માટે વાંચવું શાસ્ત્ર નિ**

છે. શ્રીમહાપ્રભુજીનો આગ્રહ છે કે सर्व हेतु विवर्जितम्, અર્થાત્ ભાગવત વાંચવું કોઈપણ જાતના હેતુ વગર. (એટલેકે ભાગવતનું પઠન નતો સપ્તાહમાં હોવું જોઈએ, નતો કોઈ હેતુસર હોવું જોઈએ, પરંતુ શ્રીઠાકોરજીની લીલાનું અવગાહન કરવા માટે નિત્ય હોવું જોઈએ.)

વિચારણીયઃ

(૧) જાહેરમાં થતી ભાગવત જેમાં ભંડોળ ઉઘરાવવામાં આવે, મનોરથી નક્કી કરવામાં આવે, ઉછામણી કરવામાં આવે, કોઈના દેહાંત પછી કરવામાં આવે આ બધાજ પ્રકાર ભાગવત કથા વાંચવાના સંપ્રદાય અંતર્ગત **બ્રહ્મસંબંધી જીવો માટે નિષેધ છે. અને એટલોજ નિષેધ એ બ્રહ્મસંબંધી જીવો માટે ભાગવત કથા સાંભળવાનો છે.** જેના પ્રમાણો નીચે મુજબ છે.

(૨) સર્વ નિર્ણય કારીકામાં શ્રીમહાપ્રભુજી જણાવે છે કે,

.....................ततो भागवतं कृतम्।
एतदभ्यसनाल्ळोको मुच्यतेऽनुपजीवनात्॥६७॥

साधनं परमेतद्धि श्री भागवतमादरात्।
पठनीयं प्रयत्नेन निर्हेतुकमदम्भतः॥२४३॥

पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्।
वृत्यर्थं नैव युञ्जीत प्राणैः कण्ठगतैरपि॥

तदभावे यथैव स्यात् तथा निर्वाहमाचरेत्।
..............................॥२५३-४॥

(સર્વ નિર્ણય કારીકા ૬૭, ૨૪૩, ૨૫૪)

....ત્યારે વ્યાસજીએ ભાગવત પુરાણ પ્રકટ કર્યું જેના અભ્યાસ (શ્રવણ-સ્મરણ-કીર્તન)થી લોકો મુક્ત થઈ શકે છે પરન્તુ જો ભાગવતનો આજીવિકાર્થ ઉપયોગ ન થતો હોય તો જ. આ ભાગવત જ એક શ્રેષ્ઠ સાધન છે તેથી પ્રયત્નપૂર્વક, કોઈપણ લૌકિક હેતુ કે દમ્ભ વિના, આદરપૂર્વક આનો પાઠ કરવો જોઈએ. ભાગવતનો

પાઠ પ્રયત્નપૂર્વક અન્ય કોઈ પણ હેતુ વિના જ કરવો જોઈએ. પ્રાણ આપણા કંઠ સુધી પણ કેમ ન આવી જાય (એટલેકે કોઈ એવી વ્યક્તિ રાજા જેવી મારી નાખવાની ધમકી આપીને વૃત્યર્થ કે કોઈ પણ હેતુસર ભાગવત કથા કરવાની કહે, જેને લીધે તે ન વાંચવાથી કદાચ જીવ જતો રહે એટલેકે મારી નાખે તે હદ સુધી હોય **તો પણ ન વાંચવું જોઈએ.**) પરન્તુ આજીવિકાર્થ તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. ભાગવતનો આજીવિકાર્થ ઉપયોગ ન કરીને બીજી જે કોઈપણ રીતે થઈ શકે તે રીતે પોતાનો નિર્વાહ ચલાવવો જોઈએ. **(સર્વ નિર્ણય કારીકા ૬૭, ૨૪૩, ૨૫૪)**

(૩) શ્રીકલ્યાણરાયજી વિરચિત શ્રીમહાપ્રભુજીકૃત જલભેદની ટિકામાં નીચે પ્રમાણે જણાવે છે.

जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीवनः ॥

पञ्चमं भावम् आहु 'जलार्थमेव' इति प्रक्षालनोच्छिष्ट-जलप्रक्षेपार्थमेव ये गर्ताः तत्तुल्याः नीचाः गानोपजीविनः इति अर्थः....तेन उच्छिष्ट-गर्त-जलवत् तेषां भावो न सद्भिः ग्राह्यः इति अर्थः.....पौराणिकनिरुपणानन्त पुनः यद् गायकनिरुपणं तद् एतादृशानां पौराणिकानाम् एतद्गायक-तुल्यत्व-ज्ञापनार्थम् **(श्री कल्याणरायविरिचत जलभेद विवृति ५).**

જે લોકો ભગવદ્ ગુણગાનને પોતાની આજીવિકાનું સાધ બનાવે છે તેવા ગુણગાન કરનારાઓ તો અપવિત્ર-મલિ જલને ભેગું કરવા માટે જમીનમાં ખોદવામાં આવતા ખાડા જલ જેવા હોય છે.

શ્રીમહાપ્રભુ પાંચમાં ભાવનું વર્ણન કરવા માટે 'જલને ભેગું કર માટે' શબ્દપ્રયોગ કરે છે. મોઢું વગેરે ધોવામાં વપરાયેલ અપવિ જલને ભેગું કરવા માટે જમીનમાં જ ખાડો ખોદવામાં આવે છે તે **જેવો નીચ ભગવદ્ગાનોપજીવીઓ હોય છે....** આથી એ આશ

પ્રકટ થાય છે કે વપરાયેલું ગંદુ-અપવિત્ર જળ જેમ વપરાશમાં લેવાતું નથી તેમ ભગવદ્ગાનોપજીવિઓના ભાવો સારા મનુષ્યો માટે ગ્રાહ્ય નથી હોતા.....પૌરાણિકોના ભાવનું નિરૂપણ કરીને ગાયકોના જે આ ભાવનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આવા (આજીવિકાર્થ પુરાણોનું ઉપયોગ કરનાર) પૌરાણિકો આવા ગાયકોના સમાન છે તે દેખાડવા માટે. (શ્રીકલ્યાણરાયજી વિરચિત જલભેદ ટિકા)

આ પરથી સ્પષ્ટ થાય છે કે **આવા ભાગવત વાંચનારનું જો ભાગવત સાંભળવા જઈએ** છીએ તો પણ જલભેદ ગ્રંથમાં બતાવ્યા પ્રમાણે દોષ લાગે છે.

(૪) આનો અર્થ એ પણ થઈ શકે કે, શ્રીમહાપ્રભુજીના સંપ્રદાયમાં બ્રહ્મસંબંધી જીવથી આંખની હૉસ્પિટલ માટે, કે બેઠકજી-મંદિર, ઘરના જીર્ણોધ્ધાર માટે, કે મરેલા સ્વજન પાછળ પણ ભાગવત કથા થાય નહિ અને તે સાંભળવા પણ જવાય નહિ.

(૫) પોતાની આજીવિકા કે ગૃહ ગ્રહસ્થી ચલાવવા માટે પણ શ્રીમદ્ ભાગવત-શ્રીઠાકોરજી-શ્રીયમુનાજી કે અન્ય ભગવત સ્વરૂપોના મનોરથોનો ઉપયોગ ન થવો જોઈએ. (કેમકે, શાસ્ત્ર શ્રીમદ્ ભાગવત અને શ્રીઠાકોરજીમાં અભેદ માને છે.)

(૬) ધંધુકારીની વાતનો વિચાર કરતા, જેના સ્વજને પોતાની જીંદગી દરમ્યાન અત્યંત ધૃણાસ્પદ કુકર્મો કે પાતકી કર્મો કર્યા હોય? શાસ્ત્રનિષેધ કર્મો કર્યા હોય? જેના ફલ સ્વરૂપે પ્રેત યોનિ મળી હોય, તેવા માટેજ તેમના મર્યા પછી કુટુંબીઓએ ભાગવતકથા કરાવવી જોઈએ તેવું જાણવા મળે છે. અર્થાત્ જે ભાગવતકથા પોતાના સ્વજનના મૃત્યુ પછી કરાવે છે તેનો અર્થ એવો જ થાય છે કે, તેમના મરનાર સ્વજને ધંધુકારી જેવા પાતકી કર્મો કર્યા હતાં અને તેથી તેઓ પ્રેત થયા છે.

(૭) આના અનુસંધાનમાં **શ્રીદયારામભાઈ** પણ જણાવે છે કે,

ભાગવત ભણીને શું કીધું, ઓ ભાઈ રે તેં ભાગવત ભણીને શું કીધું!
મારે જન્તુ અહિ મણિઅજવાળે તેમ તેં ઉદર પોષિ લીધું. (૧)

ભક્ત કવિ શ્રીદયારામભાઈ, ભાગવત વાંચનારને જણાવે છે કે, ભાગવત વાંચીને તેં શું કર્યું? જેમ અહિ (નાગ) ના માથા ઉપર મણિ હોય છે અને તેના પ્રકાશને લીધે જીવ-જંતુ આકર્ષાય છે અને તેનો તે પેટ ભરવા માટે ઉપયોગ કરે છે તેમ તેં ભાગવતની ભેટ લઈને પેટ ભર્યું.

પારસમણિનું પાત્ર પાણિમાં ઘેર ઘેર ભિક્ષા માંગે
જ્યાં લગિ વસ્તુનું જ્ઞાન નથી ત્યાં લગિ દુઃખ દારિદ્રય ના ભાંગે. (૨)

ભાગવતએ પારસમણિ જેવો છે તું એના નામ પર ભીખ માંગે છે અર્થાત્ પૈસા લે છે કેમકે, તને ભાગવતના હાર્દનું (વસ્તુનું) જ્ઞાન નથી જો એ હોત તો તારામાં આવી દરિદ્રતા ન હોત.

દુઝણિ ગાયને ગોતું માંડીને પય જેમ પર લઈ જાય.
તેમ તું બોધ કરી પૂજા પામે આપ ધાવ્ય કાંઈ થાય. (૩

જેમ દૂધ આપતી ગાય પોતાના વાછરડા માટે જ દૂધ આપે છે પ
ભરવાડ પહેલાં ગોતું મરાવે છે એટલેકે વાછરડાને ગાયના આંચળ પા
લઈ જઈ દૂધ આપવા મજબૂર કરે છે પછી વાછરડાને ખેંચી લે છે અ
દૂધ પોતે લઈ જાય છે. તેવી રીતે તું પણ ભાગવત વાંચીને પૂજાય છે અ
પૈસા ભેગાં કરે છે.

જેમ મલયાગર પોઠી લાદ્યો તે સુગંધ શું જાણે?
જ્યાં લગિ સાર ન સમજ્યો ત્યાં લગિ તું પણ તે જ પ્રમાણે. (

જેમ મલયાગીરના (ચંદનના) લાકડાંનો ભારો ગધેડાની પીઠ
મૂકવામાં આવે (પોઠી લાદ્યો) એ ગધેડો શું સુગંધ માણે? જ્યાં લ
ભાગવતનો સાર તું સમજતો નથી (सर्व हेतु विवर्जितम्। वृत्यर्थेनैव युंज
ત્યાં સુધી તું પણ તે જ પ્રમાણે (ગધેડા જેવો જ) છે.

રતિ-કૃષ્ણ, મતિ-ધર્મ, તોષ-મન દયા અખિલ પર આવે.
ત્યારે હું જાણું કે ભાગવત ભણિયો ગરવ આરિસા નાવે. (૫)

તારો કૃષ્ણમાં પ્રેમ છે, તારી ધર્મમાં બુદ્ધિ છે, તારા મનમાં સંતોષ છે અને તને દયા આખા વિશ્વ પર આવે છે અને જ્ઞાનનો ગર્વ નથી ત્યારે હું (દયારામભાઈ) એવું માનું કે તેં ખરેખર ભાગવત જાણ્યું છે-ભણ્યો છે.

જર જશાદિ તૃષ્ણા મન જ્યાં લગિ ત્યાં લગિ હરિ નવ રીઝે.
આટલા ઉદ્યમ તેમ એક એહો પણ સુણી સમજુ નવ ખીજે. (૬)

તારા મનમાં જ્યાં સુધી પૈસા (જર) માટે, લાભ (જશ આદિ) વિગેરે માટે તૃષ્ણા છે ત્યાં સુધી ભગવાન રીઝતાં નથી પણ એક કાર્ય (ઉદ્યમ) એવુ પણ હોવું જોઈએ કે આ બધું સાંભળીને તું ગુસ્સે ન થાય.

'દયા' પ્રીતમ શ્રીજી શ્રીભાગવત એક જ રૂપ છે બંધે.
નિસ્પૃહ તેનો અભ્યાસ કરવાથી જીવન્મુકિત ન સંધે. (૭)

કેમકે, હું દયારામભાઈ કહું છું ભાઈ! (બંધે-બાંધવ) ભાગવતનો અભ્યાસ (વાંચવાનું-સમજાવવાનું અને આચરણમાં મૂકવાનું) નિસ્પૃહતાથી (કોઈપણ જાતની સ્પૃહા-લેવાની ભાવના કે ઈચ્છા વગર) કર. તો જ તે (ભાગવત) જીવને મુક્તિ અપાવી શકે છે તેમાં સંદેહ (સંધે) નથી કેમકે, શ્રીઠાકોરજી અને શ્રીભાગવત એક જ રૂપ છે.

શ્રી વલ્લભ વિઠ્ઠલ સિધ્ધાંત જીજ્ઞાસુ મંડળ
સત્સંગ સ્થળ : C/o. ચિરાગ લેબોરેટરી
શુભ લક્ષ્મી શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ,
આણંદ. ☎ : (૦૨૬૯૨) ૨૫૪૦૪૬
બુધવાર - રવિવાર - (૪ થી ૬ સાંજના)
ન્યોછાવર : નિ:શુલ્ક વિતરણાર્થ
(વાંચો-વંચાવો-સત્સંગ)

માર્ગીય ગ્રંથોનો અભ્યાસ તથા સૈદ્ધાંતિક સત્સંગ માટે સંપર્ક કરી શકો છો.

નંબર	ગામ	નામ	ટેલી. નં.
૧	અમદાવાદ	શ્રીરાજીવ પરીખ	૯૩૭૬૧ ૦૨૧૧૨
૨	આણંદ	શ્રીગિરીશભાઈ શાહ	૯૮૨૫૮ ૯૮૭૨૦
૩	હાલોલ	શ્રીપંકજભાઈ રાજગોર	૯૪૨૬૫ ૦૯૨૬૫
		શ્રીહિતેશભાઈ રાજગોર	૯૮૨૫૭ ૪૨૧૪૨
૪	જયપુર	શ્રીકિશોરભાઈ રાઠી	૯૩૧૪૫ ૦૨૯૧૧
૫	સૂરત	શ્રીસુનિલભાઈ જાગીરદાર	૯૮૨૫૧ ૪૭૦૬૩
૬	મુંબઈ	શ્રીહિતેન્દ્રભાઈ શાહ	૯૮૨૦૧ ૨૪૫૩૪
૭	વડોદરા	શ્રીનરેન્દ્રભાઈ શાહ	(૦૨૬૫) ૨૪૮૨૦૭૧
		શ્રીમુકેશભાઈ ગાંધી	૯૪૨૭૩ ૪૫૯૩૪
૮	રાજકોટ	શ્રીપ્રવિણભાઈ ડઢાણીયા	૯૪૨૭૪ ૯૫૧૫૯
૯	જૂનાગઢ	શ્રીવ્રજલાલભાઈ વાચ્છાની	૯૯૨૪૨ ૩૩૫૯૫
૧૦	ગોંડલ	શ્રીહર્ષદભાઈ વઢવાણા	૯૯૭૯૬ ૭૫૨૩૨
૧૧	ભરૂચ	શ્રીદેવેન્દ્રભાઈ શાહ	૯૪૨૮૧ ૭૬૩૦૨
૧૨	નાસિક	શ્રીરાજુભાઈ સુગંધી	૯૩૭૧૫ ૨૨૯૩૩
૧૩	અંકલેશ્વર	શ્રીરાસેશ શાહ	૯૪૨૭૧ ૪૪૫૫૮
૧૪	ભૂજ	શ્રીજયંતીભાઈ વાસુ	(૦૨૮૩૨) ૨૫૨૮૧૨
૧૫	ગાંધીધામ	શ્રીદિનેશભાઈ સોની	૯૪૨૬૨ ૧૫૧૭૭

સાભારઃ બડેન કી વાણી, ભરૂચ

સંપ્રદાય અંતર્ગત અન્યાશ્રયીથી ભગવાનની સેવા ના થાય. કેમકે, અનન્યતા એ જ પુષ્ટિ ભક્તિ સંપ્રદાયમાં સેવાનો મુખ્ય આધાર સ્તંભ છે.

એક બાર ફિર આઓ વલ્લભ, કહ કર તુમકો રહા બુલાતા ।
અચ્છા હુઆ ન આયે ભગવન, આ જાતે તો કહાં બૈઠાતા?

ઠેકે પર ચલ રહી બૈઠકેં, ખુલી મંદિરોં મેં દુકાનેં ।
ચંદે સે હોતી સેવા, બિકતા પ્રસાદ હૈ સભી ઠિકાને ।
અષ્ટ છાપ અબ નહીં, નહીં હૈ ચૌરાશી વા દો સૌ બાવન ।
તનુવિત્તજા નહીં અબ, તનુજા ઔર વિત્તજા લોકલુભાવન,
નહીં પુષ્ટિ સિદ્ધાન્તોં સે અબ, રહા કિસી કા કોઈ નાતા ॥
અચ્છા હુઆ ન આયે ભગવન, આ જાતે તો કહાં બૈઠાતા?
રહે અખિલ ભારતીય આપ, ઈસસે આગે ન બઢને પાયે ।
હમ અન્તરાષ્ટ્રિય હુએ, ઝન્ડે વિદેશ મેં ભી ફહરાયે ।
અબ અન્તર્બ્રહ્માન્ડીય બન જાયઁ શીઘ્ર યહ અભિલાષા હૈં ।
કાર્ય ન કોઈ ભારી હૈ યહ, પૂર્ણ સફલતા કી આશા હૈ,
યદપિ ન અભી પૂર્ણ પારિવારિક, ફિર ભી કદમ બઢાયા જાતા ।
અચ્છા હુઆ ન આયે ભગવન, આ જાતે તો કહાં બૈઠાતા?

ઠાકુરજી લન્દન અમેરિકાદિક મેં મન્દિર મેં રહતે હૈં ।
વૃન્દાવન બન ગયા વહીં, પૂર્વી ક્રીડા કરતે રહતે હૈં ।
સેવા કરતી વહાં ગોપિયાં, જિન્હેં ન માસિક છૂને પાયે ।
કરતે હૈં નિત નયે મનોરથ, અપ-ટુ-ડેટ વૈષ્ણવ મન ભાયે,
સેવા-સરિ પાખન્ડ-સિન્ધુ મેં, મિલી, ન તુમસે દેખા જાતા ॥
અચ્છા હુઆ ન આયે ભગવન, આ જાતે તો કહાં બૈઠાતા?
સતયુગ ચાર તીન ત્રેતા મેં, દ્વાપર દો કલિયુગ મેં એક ।
બચા ધર્મ કા પૈર, ચલ રહા વિજ્ઞાપન કી લાઠી ટેક ।
પુષ્ટિ માર્ગ કી સેવા ભી અબ મિશ્રી સે હે પુષ્ટ હો રહી ।
સૌ અધર્મ મેં પાંચ ધર્મ કો મનમાના હૈ કષ્ટ દે રહી,
સત્ય કહાં જા છિપા ન ઈસકા 'ભૂપ' કોઈ ઉત્તર દે પાતા ॥
અચ્છા હુઆ ન આયે ભગવન, આ જાતે તો કહાં બૈઠાતા?

રૂપચંદ ખન્ડેલવાલ 'ભૂપ'
'વ્રજરજ', ૧૮૩-બી, નેપિયર ટાઉન, જબલપુર ૪૮૨ ૦૦૧.